Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૧૫ • તા. ૬ એપ્રિલ થી ૧૨ એપ્રિલ ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

સિલ્વર જ્યુબીલી... સિલ્વર જ્યુબીલી... સિલ્વર જ્યુબીલી...

## શ્રી ભલારા દાદા ની (૨૫) પચ્ચીસમી પહેડી

## પ્રસંગે ભાવભર્યુ આમંત્રણ

**શુભ દિવસ :**

ચૈત્ર સુદ ૧, ગુડી પડવો, ગુરૂવાર તા. ૧૧-૪-૨૦૧૩

**VENUE CHANGE**

**શુભ સ્થળ :**

પોલીસ ફુટબોલ ગ્રાઉન્ડ, વલ્લભબાગ લેન એક્સટેન્સન,
કુકરેજા દેરાસરની પાછળ, ગારોડીયા નગર, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ

**શુભ સમય :**

બપોરના ૪.૦૦ થી રાતના ૧૦.૦૦ વાગ્યા સુધી

**-: નિમંત્રક :-**

માતુશ્રી કુંવરબાઇ વિશનજી માંયા મોતા
સુથરી, વિક્રોલી

માતુશ્રી લીલાવંતીબેન લક્ષ્મીચંદ રતનશી લોડાયા
મંજલીયા, સુથરી, મુલુન્ડ

# ભાવભીની શ્રદ્ધાંજલી



જન્મ : ૧૫-૦૩-૧૯૬૦

અરીહંતશરણ : ૧૨-૦૩-૨૦૧૩

# સ્વ. શા. પ્રેમચંદ શામજી આણંદજી નાગડા

## (ચાચાવાળા) મુલુન્ડ, ગામ-જખૌ

શ્રી.ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન, શ્રી. જખૌ રત્નટૂંક જૈન દેરાસર તેમજ તેના સાધારણ ફંડ ટ્રસ્ટ બોર્ડમાં વિવિધ પદ શોભાવનારા શ્રી. પ્રેમચંદભાઈ ની અણધારી વિદાયથી સર્વે ગામવાસીઓ તેમજ કુટુંબીજનો દુઃખદ આઘાતથી લાગણી અનુભવી રહ્યા છીએ.

તનમે જખૌ, મનમે જખૌ, ઝંખ મનવા જખૌ જખૌ નું સુંદર મંત્ર આપનારા શ્રી રત્ન ટૂંક મહિલા મંચ-જખૌ, તેમજ શ્રી. જખૌ યુવા મંચના સ્થાપક તથા સમાજના ઉત્કર્ષ કાર્ય માટે તેમણે કરેલા સેવા-યોગદાન અને પ્રોત્સાહનના કાર્યને આપણે કદી વિસારી નહી શકીએ, પરિવારજનો, ગામવાસીઓ, સહકાર્ય કરોને આ દુઃખદ વિદાય સહન કરવા પ્રભુ શક્તિ આપે અને પ્રભુશરણમાં એ જીવને પરમશાંતિ મળે એજ અભ્યર્થના!!

---

**શ્રી. ક.દ.ઓ.જખૌ મહાજન**
દિનેશ જેઠાભાઈ લોડાયા
સતન કુંવરજી ખોના
હરીશ ખેતશી શિયાળ
કુલીન લાલજી મૈશેરી
ટોમેશ કાંતિલાલ નાગડા
મુલચંદ હંસરાજ મુનવર
શ્રીમતી ખમ્માબેન ધર્મેન્દ્ર નાગડા
શ્રીમતી માલતીબેન હરીશ ધરમશી
રાજેશ શામજી લોડાયા
ચેતન ધનજી મુનવર

**શ્રી. જખૌ રત્નટૂંક દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ**
શ્રીમતી કલ્પનાબેન રમણકાંત લોડાયા
શ્રીમાન કુલીન લાલજી મૈશેરી
શ્રીમાન સોમચંદ ધનજી મુનવર

**શ્રી. રત્નટૂંક મહિલા મંચ જખૌ**
શ્રીમતી મધુરીબેન કિશોર વિકમશી
શ્રીમતી તરલાબેન મણીકાંત ધુલ્લા
શ્રીમતી ખમ્માબેન ધમેન્દ્ર નાગડા
શ્રીમતી કાશ્મીરાબેન જયરાજ કાયાણી
શ્રીમતી પુષ્પાબેન મુલચંદ ખોના
શ્રીમતી પલ્લવીબેન પંકજ કાયાણી
શ્રીમતી દીપાબેન હિરેન નાગડા
શ્રીમતી મીના પંકજ લોડાયા
શ્રીમતી ચેતનાબેન અભય ધરમશી
શ્રીમતી ભારતીબેન પ્રેમચંદ નાગડા
શ્રીમતી પ્રભાબેન દેવેન્દ્ર નાગડા

**તેમજ શ્રી જખૌ યુવા મંચના સભાસદો અને શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટના જય જિનેન્દ્ર**

**આદ્યતંત્રીઓ**

"**પ્રકાશ**"
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
"**સમીક્ષા**"
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
"**પ્રકાશ સમીક્ષા**"
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી – 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 15 / 2013**

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# શિક્ષણ ક્ષેત્રમાંના ફેરફારો પ્રમાણે આપણી અગ્રતા બદલી સ્વયં રોજગાર માટે ભંડોળ ઊભું કરવાનો સમય પાકી ગયો છે

ભારત સરકારે શિક્ષણને મૂળભૂત અધિકાર તરીકે સ્વીકાર્યો તે સાથે તેમાં ઘણાં ફેરફારો માટેનો તખતો ગોઠવાયો છે. વધુમાં મહારાષ્ટ્ર સરકાર અને ઘણાં રાજ્યની સરકારોએ જૈનોને ધાર્મિક લઘુમતીનો દરજ્જો આપી શૈક્ષણિક શિષ્યવૃત્તિ અને સવલતો આપવાનું શરૂ કર્યું તેને કારણે પણ સ્થિતિ ઘણી બદલાઈ છે અને બદલાવવાની છે. થોડા સમયમાં સામાન્ય શિક્ષણ મફત અને ઉચ્ચ શિક્ષણ લોન દ્વારા ઉપલબ્ધ થાય એવી અપેક્ષા વધુ પડતી નહીં ગણાય.

આ બધી વાતો ધ્યાનમાં રાખીને બધા જૈન સમુદાય માટે પોતાની શિક્ષણ સંબંધી અગ્રતાઓ અને શિક્ષણ સહાય અંગેની નીતિની સમીક્ષા કરવાનું જરૂરી બની ગયું છે.

અલબત્ત, શિક્ષણને મૂળભૂત અધિકાર તરીકે ગણવાને કારણે આવનારા ફેરફારોનો અમલ પણ એકાદ દાયકાનો સમય માંગી લેશે એટલે જૈન સમુદાયોએ તેમની વર્તમાન શિક્ષણ સહાયની નીતિ ત્યાં સુધી ચાલુ રાખવી રહી, અલબત્ત તેને ક્રમશઃ અગ્રતાના ક્ષેત્રમાંથી છુટું કરવું હિતાવહ ગણાશે.

સામે પક્ષે સરકારે શિક્ષણને મૂળભૂત અધિકાર માન્યો તેને કારણે આવનારા દાયકાઓમાં શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ વચ્ચે હરિફાઈનું વાતાવરણ ઊભું થશે. ભણનારાઓને અપેક્ષિત નોકરીઓ કે નોકરીઓના લાભ નહીં મળે. આવા સંજોગોમાં સરકાર ચાહે છે કે વધુને વધુ લોકો સ્વયં રોજગાર તરફ વળે.

આ બધી વાત એવો ઈશારો કરે છે કે જૈન સમુદાયોએ ક્રમશઃ શિક્ષણને અગ્રતાની યાદીમાં અગ્રક્રમથી દુર કરતા જઈ સ્વયં રોજગારને અગ્રતાની યાદીમાં ચઢતો અગ્રતાક્રમ આપવો જોઈએ અને તેને માટે ભંડોળ ઊભા કરવા જોઈએ.

સ્વયં રોજગારની વિગતે વાત કરીએ તો આપણે તેને વિશેષ કુશળતા પ્રાપ્ત કરીને કરાતા ડૉક્ટર-વકીલ-ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ-કોસ્ટ એકાઉન્ટન્ટ-આર્કીટેક્ટ તેમજ થોડું જોખમ ઉઠાવી નાણાંની વ્યવસ્થા કરી સ્વયં રોજગાર કરનારા એલ.આઈ.સી. એજન્ટ, જી.આઈ.સી. એજન્ટ, કેટરર્સ, ડેકોરેટર્સ, ઈન્ટીરીયર ડીઝાઈનર, નાના બાંકડાથી ધંધો કરનારા, ઘરે માલ રાખી વેચનારા વગેરે આવશે.

એ નોંધપાત્ર છે કે અગાઉ જ્ઞાતિના પ્રોફેશનલી સ્વયં રોજગાર કરનારા ન છૂટકે નોકરી કરવી પડે તોય તેમાં વહેલા સ્વતંત્ર થવા ઈચ્છતા તેને બદલે હવે ઉલટો ક્રમ દેખાય છે, જે જ્ઞાતિ માટે પીછેહટ સમાન ગણાય.

જ્યારે સરકારી શિક્ષણ નીતિ તથા વૈશ્વિકરણના ભાગરૂપે સ્વયંરોજગાર આટલો મહત્વનો થવાનો છે ત્યારે તે તરફ જનારા જ્ઞાતિજનોની સફળતાનો માર્ગ સરળ અને ઝડપી બને તે માટે સામુહિક પ્રયાસો થવા જોઈએ અને તે માટે ભંડોળ જરૂરી ઊભા કરવા જોઈએ.

ક.દ.ઓ. જ્ઞાતિ આગોતરી વિચારણા અને તૈયારી કરવામાં માને છે એટલે આ બાબત બધાએ ખાસ કરીને સમસ્ત મહાજને સત્વરે ધ્યાનમાં લેવી જોઈએ.

**- ચંદ્રસેન મોમાયા**

## ઈતિહાસ પ્રકાશ : જ્ઞાતિમાંથી ઈ.સ. ૧૮૩૭ થી ઈ.સ. ૧૯૬૭ દરમ્યાન નીકળેલા સંઘોની યાદી

- દેવજી દામજી ખોના

***(આ લેખ આજથી લગભગ ૪૫ વર્ષ પહેલાં લખાયો છે.)***

શ્રી તીર્થંકર દેવોને કેળવજ્ઞાન ઉત્પન્ન થયા બાદ એઓશ્રી ઈંદ્રાદિદેવોએ રચેલ સમવસરણમાં બેસીને દેશના આપે છે અને સાધુ સાધ્વી, શ્રાવક તથા શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે.

જ્યારે જ્યારે જંગમ તીર્થસ્વરૂપ શ્રી તીર્થંકર દેવો પધારે છે ત્યારે ચતુર્વિધ સંઘ એમની દેશના સાંભળવા પધારે છે. શ્રી તીર્થંકર દેવોની ગેરહાજરીમાં સ્થાવર તીર્થોની યાત્રા અર્થે ચતુર્વિધ સંઘ એકઠો થઈને જાય છે આમ ચતુર્વિધ પ્રકારે તીર્થ યાત્રાએ નીકળતા સમુદાય વાસ્તે **સંઘ** શબ્દ પ્રચલિત થઈ ગયો એટલે હવે ટ્રેનમાં નીકળતા યાત્રા સમુદાયને માટે પણ લૌકિક ભાષામાં સંઘ શબ્દ વપરાય છે.

છેલ્લા દોઢસો વર્ષોમાં આપણી જ્ઞાતિમાંથી નીકળેલ સંઘોની યાદી.

મુંબઈ મધેના શ્રી અનંતનાથજી મહારાજના દેરાસરજીની પ્રતિષ્ઠા સં. ૧૮૯૦ના (ઈ.સ. ૧૮૩૪) શ્રાવણ સુદ ૯ના થયા બાદ ત્યાર પછી આપણા ગચ્છનાયકોની પાટ પરંપરાની ગાદી મુંબઈ મધ્યે શ્રી અનંતનાથજી મહારાજના દેરાસરજીમાં ફેરવવામાં આવ્યા બાદ...

(૧) સં. ૧૮૯૩ (ઈ.સ. ૧૮૩૭) ના ચૈત્ર માસમાં સૌ પ્રથમ પાવાગઢનો સંઘ પૂજ્ય ભટ્ટારક શ્રી મુક્તિસાગર સૂરીશ્વરજીની નિશ્રામાં નીકળેલ (જે અંગેના પ્રસંગનો તાદ્રશ ચિતાર શ્રી ક્ષમાલાભજી મહારાજશ્રીએ શ્રી મહાકાળી માતાજીના રચેલ છંદ દ્વારા રજુ કરવામાં આવ્યો છે.)

(૨) સં. ૧૯૧૨ (ઈ.સ. ૧૮૫૬ માં સેઠ નરશી નાથાના દત્તક પુત્ર હરભમ શેઠ તરફથી કેસરીઆજીનો સંઘ નીકળેલ જે પ્રસંગે રચવામાં આવેલ સ્તવન મોટા ગુટકામાં છપાયું છે.

(૩) શેઠ કેશવજી નાયકે સં. ૧૯૨૧ (ઈ.સ. ૧૮૬૫) માં પાલીતાણા તીર્થ મધ્યે પુ., ભટ્ટારક શ્રી રત્નસાગરસૂરીશ્વરજી સાહેબ હસ્તક સાડા પાંચ હજાર નવીન જિનબિંબોનું અંજન કરાવેલ જે જૈન ઈતિહાસમાં અજોડ પ્રસંગ છે. આ પ્રસંગને ઉચિત એવો સમસ્ત જ્ઞાતિનો મુંબઈ કચ્છ, અને હાલારમાંથી શેઠ કેશવજી નાયકે સંઘ કાઢેલ અને સકલ જૈન આલમને ખાસ આમંત્રણ આપેલ.

(૪) શેઠ નરશી નાથાના પુત્રવધુ પુરબાઈ શેઠાણીએ સં. ૧૯૨૭ ((ઈ.સ. ૧૮૭૧) માં સમેતશિખરજીનો સંઘ કાઢેલ.

(૫) શેઠ ભીમજી શામજી સાંયરાવાળાએ (શેઠ રાયચંદ ડુંગરશીના દાદા) સં. ૧૯૫૮ (ઈ.સ. ૧૯૦૨) માં શ્રી કેશરીઆજી તીર્થનો સંઘ કાઢેલ જેની યાદગીરીમાં કેસરીઆજીમાં ધર્મશાળા બંધાવી આપી.

(૬) એજ અરસામાં શેઠ ટોકરશી શામજી જીવરાજ આરીખાણાવાળા તરફથી શ્રી કેસરીઆજીનો સંઘ કાઢવામાં આવેલ.

(૭) શેઠ ખેતશી ખીઅસી તરફથી સં. ૧૯૬૯ (ઈ.સ. ૧૯૧૩) માં શ્રી પાલીતાણાનો સમસ્ત જ્ઞાતિનો ભવ્ય સંઘ કાઢવામાં આવેલ.

(૮) કલકત્તા મધે સં. ૧૯૭૨ (ઈ.સ. ૧૯૧૬) માં જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ૧૦મા અધિવેશનના વરાએલ પ્રમુખ શેઠ ખેતશી ખીંઅસીએ આપણા તથા વીશા ઓશવાળ જ્ઞાતિના પ્રતિનિધિઓને સેકન્ડ ક્લાસની સ્પેશીઅલ ટ્રેનમાં તેડી ગએલ ત્યારે ત્યાંથી શ્રી સમેતશિખરજીની યાત્રા કરાવેલ.

(૯) સં. ૧૯૭૭ (ઈ.સ. ૧૯૨૧) માં શેઠ ખેતશી ખીંયસીની વિધવા વેજબાઈ શેઠાણીએ ખુણ છોડવા અંગે પુનાનો સંઘ કાઢેલ.

(૧૦) શેઠ કાનજી પાંચારીઆની વિધવા પુરબાઈ શેઠાણીએ સં. ૧૯૭૮ (ઈ.સ. ૧૯૨૨) માં પાલીતાણાનો સંઘ કાઢેલ.

(૧૧) શેઠ હેમરાજ ખીંયસીની વિધવા મુરબાઈ શેઠાણીએ સં. ૧૯૮૧ (ઈ.સ. ૧૯૨૫) ની આસપાસ ખુણ છોડવા અંગે સમસ્ત જ્ઞાતિને આમંત્રણ આપીને સુથરી ખાતેથી શ્રી ભદ્રેસર તીર્થનો સંઘ કાઢેલ.

જ્ઞાતિના પ્રચલિત રીવાજ અનુસાર ખુણ મુકવા નિમિત્તે શ્રીમંતો તરફથી નાના નાના સંઘો નીકળતા.

આવી રીતે મહા સંઘો નિકળ્યા બાદ વિરાટ સ્વરૂપે જ્ઞાતિમાંથી સંઘ નીકળ્યાનો લગભગ ૪૫ વર્ષો બાદ હમણાં (ઈ.સ. ૧૯૬૭) પ્રસંગ ઉપસ્થિત થયો જ્યારે ૧૩૧ વરસો બાદ ફરી મહાકાળી માતાજીનો સંઘ જ્ઞાતિમાંથી નીકળ્યો છે. અન્ય તીર્થસ્થાનોના સંઘોની પુનરાવૃત્તિરૂપે શાસનદેવી તેમજ ગચ્છાધિષ્ઠાયિકાનો સંઘ નીકળ્યો છે એમ મને  લાગે છે.

નોંધ : જ્ઞાતિના ભવ્ય ઈતિહાસમાં ત્યારના વાહનવ્યવહાર-વ્યવસ્થાના ટુંકા સાધનો છતાં ઉદાર ભાવનાએ સંઘો નીકળ્યા હતા. જેની અનુમોદનીય નોંધ લઈએ.

## નાંદેડમાં જ્ઞાતિના વ્યવસાય-કારોબાર -સં. પ્રેમચંદ મોતા (નાંદેડ)

શા. ચીમનલાલ હંસરાજ ધરમશી-શરાફા બજારમાં રહેતા ઘરમાંજ ઓફીસ સેલ્સટેક્સ-ઈન્કમટેક્સના પ્રેક્ટીશનર છે. આ નાંદેડનું જુનું સોના-ચાંદી બજાર. એમના મોટા બંધુ શા. પ્રતાપ હંસરાજ નાંદેડની નામાંકીત કોલેજમાં પ્રાધ્યાપક હતા. હવે મુલુંડ રહે છે. મહાત્માગાંધી રોડ ત્યાં કલ્યાણ પેન્ટસ નામે મોટો શૉ રૂમ ઓઈલપેન્ટ-ડીસ્ટેંબર-સીમેંટ પેન્ટ વગેરે બિલ્ડીંગ રંગરોગાનની આઈટમો એશિયન પેન્ટ ની નામાંકીત કું. ની એજન્સી ધરાવતા નાંદેડમાં પેઈન્ટના અગ્રણી વેપારી શ્રી જયંતીલાલ ગોવિંદજી નાગડા અને શ્રી સુરેશભાઈ ગોવિંદજી નાગડા તથા શ્રી જનક જયંતિલાલ નાગડા.

મે. હીરાચંદ પ્રેમચંદની દુકાન કાથા રસી, નાયલોનદોરી, સુતરની દોરી વગેરેનો વ્યવસાય સાથે, તાલપત્રીઓનો કારોબાર છે. શા. નીરેન હિરાચંદ નાગડાનું થોડા આગળ જતાં આવોજ કામકાજ છે. શ્રી રૂપેશ લહેરચંદ જીવાણીનું એજ રોડ પર આગળ જતાં ઘડીયાળનું ભવ્ય શૉરૂમ આવે. બોમ્બે વૉચ કંપની. તથા સામે બીજી ભવ્ય આધુનિક સજાવટની શૉ રૂમ બોમ્બે શોપી એરપેટ, અજંતા વગેરેની એજન્સી, બધી પ્રકારના કાંડા ઘડીયાળ, રમકડા, તથા ઈલેક્ટ્રોનીક આઈટમ, કાંડા ઘડીયાળના હોલસેલ વ્યાપારી. નાંદેડ જીલ્લામાં અગ્રણી છે. ભરત ગોવિંદજી નાગડા તથા તેમના પુત્ર શ્રેણીક ભરત નાગડા, સિદ્ધાર્થ ભરત નાગડાનું કામકાજ આજ રોડ પર થોડેક દૂર છે. ''પોશાક'' નામે રેડીમેડ કપડાનું શૉરૂમ. શા. શાંતિલાલ હંસરાજ લાપસીયાનું સાથમાં એમના પુત્ર દિપેશ શાંતિલાલ. તેની સામે શા. ભવાનજી મેગજી લોડાયાનો અનુપમ સ્ટોર્સ. કટલરી, સ્ટેશનરી, કોસ્મેટીકનો હોલસેલ કામકાજ, ભવાનજીભાઈ ઉમરના હિસાબે નિવૃત્ત છે. એમના પુત્ર મુકેશ ભમાનજી લોડાયા બધું સંભાળે. ગુરૂદ્વારા રોડ પર તારાસીંગ માર્કેટ બહુ મોટી માર્કેટ છે. જેમાં અનેક દુકાનો છે. શા. તીલકચંદ મુલજી છેડાનો લકી પેન એન્ડ સ્ટેશનરી વગેરેનો હોલસેલ કામ. હવે તેમના પુત્ર દિપેશ છેડા સંભાળે છે. એજ માર્કેટમાં કલ્યાણ એજન્સી નામે દુકાન ચાયનીઝ રમકડા, ગીફ્ટ આઈટમ, બર્થડે રીટર્ન ગીફ્ટ આઈટમ વગેરેનો હોલસેલ કામકાજ છે. આગળ વિક્રમ સુરેશ નાગડા તથા ગૌતમ સુરેશ નાગડાનું દુકાન આવે, મલ્ટીપરપઝ હાયસ્કુલ (વજીરાબાદ) જ્યાં કીર્તીકુમાર તીલકચંદભાઈનો લકીપેન સેંટર પેન, બોલપેન સ્ટેશનરી વગેરે કૉલેજ-શાળા પાસે હોવાથી સારૂં કામકાજ છે.

દેરાસરજી પાસે શ્રી અરીહંત કમ્યુનિકેશન, સુવિધા પોઈંટ, ભાવેશ દિનેશ નાગડાનું દુકાન. આ સાથે રેલ્વેટીકીટ એર ટીકીટ, બધી જ કાં ઓના મોબાઈલ ચાર્જ કરવાનું કામ, ઝેરોક્સ, ફેક્સ વગેરે શા. દિનેશ ચીમનલાલ નાગડા કાં.ના વીમા ઓફીસર હતા. નિવૃત્તિ બાદ તેઓ પણ અત્રે બેસે. બીજા પુત્ર પ્રભાત દિનેશ નાગડાનું વીમાનું કામકાજ છે. બાજુમાં છે વર્ષા મેચીંગ સેંટર શ્રીમતી વર્ષાબેન રાજેન્દ્ર નાગડાનું, પેટીકોટ-મેચીંગ બ્લાઉઝપીસ વગેરેનું કામકાજ. દિનેશભાઈ નાગડાના બંધુ દિપક ચીમનલાલ નાગડા તથા ચંદ્રપાલ ચીમનલાલ નાગડા આર.ટી.ઓ. નું કામકાજ સંભાળે છે. લાયસન્સ કઢાવી આપવું. વાહન રજીસ્ટ્રેશન, પાસીંગ, ઈન્સ્યુરન્સ વીનું કામકાજ છે. શ્રી મયુર દિપકભાઈ નાગડાનું ઈન્ટરનેટ કેફે છે. દેરાસરની સામે જ છે શા. લીલાધર ગાંગજી લાપસીયા પરિવારનો બૃહદ બોમ્બે સ્ટોર્સ, તેમજ તેની બાજુનીજ માર્કેટમાં છે. શાહ એજન્સી કટલરી-સ્ટેશનરી, કોસ્મેટીક વગેરેનું નામાંકીત શો રૂમ, શાહ એજન્સી પ્રેઝન્ટેશન આયટમ, મિલ્ટન પ્રોડક્ટ વગેરે બધુંજ અત્રે મળે છે. શા. રમેશ, સુભાષ, વિજય અન હેમંત લીલાધર તથા એમના પુત્રો આ બધું કારોબાર સંભાળે છે. અનેક કંઢુંઓની એજન્સીનું પણ કામકાજ છે. પંકજ લીલાધર લાપસીયા શ્રીનગર એરીયામાં બોમ્બે શોપીંગ સેન્ટર ચલાવે છે.

વજીરાબાદ વિભાગમાં રહેતા શા. હીરાચંદ નેણસી લોડાયા તથા તેમના પુત્ર દિપેશ હિરાચંદ લોડાયાનું ફાયનાન્સનું કારોબાર નાનાભાઈ શા. ડાયાભાઈ નેણશી લોડાયાનું મારબલનું કામકાજ છે. પુત્ર કૌશીક સેલ્સટેક્સની પ્રેક્ટીશ કરે છે. શ્રી અમીત કિશોરકુમાર લોડાયાનું બેંક કલેક્શન તથા ખાખરાનું વ્યવસાય છે.

દેરાસરથી થોડે દૂર ગોદાવરી કોમ્પલેક્ષમાં ચેતન લહેરચંદ જીવાણીનું નાના બાળકો-નવજાત શીશુ માટે વસ્તુઓનું દુકાનો અને ગોદાવરી કોમ્પલેક્ષની બાજુમાંજ સંતમાન ટાવર્સમાં કીડ્સ ક્લબ શા. મહેન્દ્ર પદમસી જીવાણીનું નાના બાળકોનું રેડીમેડ કપડાનું શો રૂમ છે.

વજીરાબાદ વિભાગમાં રહેતા સ્વ. કુલીનકાંત ગોવિંદજી નાગડાનાં સુપુત્ર કેતન કુલીનકાંત નાગડા બિલ્ડર છે. કન્સ્ટ્રક્શનનું કામકાજ છે. બીજા પુત્ર પારસ કુલીનકાંત નાગડા મહાવીર ગેસ એજન્સી, એચ.પી ગેસનું કામકાજ સંભાળે છે.

શિવાજી નગર ઔદ્યોગિક વસાહતમાં શા. શામજી ધારશી ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ નાંદેડમાં કપાસીયાનું તેલ કાઢવાની પહેલી ઓઈલ મીલ છે. સ્વ. લક્ષ્મીચંદ શામજી ધારશી લાપસીયાએ પોતાના ભાઈઓ સાથે શરૂ કરેલ આ ઓઈલ મીલ હવે શા. હર્ષદ તથા અશ્વીન લક્ષ્મીચંદ લાપસીયા ચલાવે છે.

સાથે કપાસીયાનું આડત કામકાજ જ્ઞાતિના વિવિધ ઉદ્યોગો પૈકી એક છે.

બીજા ભાઈ શા. દિપક લક્ષ્મીચંદ લાપસીયા 'નવકાર ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ' નામે પેકેજ ટુર્સની વ્યવસાય છે.

છેલ્લે શ્રીનગર-વર્કશોપ એરીયામાં શા. કાંતિલાલ તેજપાલ નાગડાનું કીરાણા જનરલ વસ્તુઓનું દુકાન છે. પુત્ર વિનોદ સાથે છે. વજીરાબાદમાં રહેતા ભદ્રેશ સોમચંદભાઈ માડણનું રેલ્વે ટિકીટ બુકીંગ તથા થોડા માસિક અંકોની એજન્સી છે.

## કાવ્ય-પ્રકાશ

**કારાણીજો-'ક'-ને કવિ તેજ જો-'ત' એટલે કત્ત**

*કત્ત, ખત ને ગુજારત જ્યું ગાલિયું, વધી વડ થઈયું*
*ભાકી ભચેલ દાડીયું લુડી, લોડા ખેંણ લગઈયું.*
*બાબાણી બોલી કચ્છજી*
*થઈ કારાણી 'તેજ' કે ચંગી-રંગીને સંગી.*
*કારાણી ચેંતા રાજજી રાણી માં*
*તેજ ચેંતા માં ધાવણજી ધારા માં*
*સોજારે ન ઉફ્રાણેર્યો, તેંજયું મન જ્યું મનમેં રઈયું*
*ઉધાણ કંધી ઉડે ઉ કત્ત*
*કત્તેજી કાંઠીસેં લખે ઉ ખત*
*પો... ધોડે ધોરી ધરા મથે*
*ઈનીજી કારી થઈને કાર*
*વગર સુખાણે હલે પઈ*
*વાંચીધલ તુંજ કાવ કે વાર!*

શબ્દાર્થ : ઉધાણ કંધે ઉડે = કત્ત,
(ચોપડા લખો ઉ ખત,
પો = પાછળ
ધોરી ધરા = સફેદ કાગળ
કારીકાર = બોલપેન, સુખાણ = સુકાન

**-ભદ્રી પટેલ** (ભાંડુપ)-૯૭૭૩૪૮૩૯૮૪


કલા-કસબ અને કલરનો
અનોખો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૧૩૪/૩૬, બીજે માળે, ખાદી ભંડાર ઉપર,
ખારા કુવા સામે, મુંબઈ-૪૦૦ ૦૦૨,
ફોન : 22413995, 22402786. E-mail : jyotisse@gmail.com


*॥ શ્રી જય અંબે માઁ ॥*

### શ્રી અંબે મા ધરમશી પરિવાર

ગામ **મંજલ રેલડીયા** સ્થાને બિરાજમાન **ધરમશી** પરિવારના કુળદેવી શ્રી અંબેમાની કૃપાથી ભાંડુપમાં શેઠ નરશી નાથા હોલમાં પહેડી-પ્રસાદનું આયોજન કરેલ છે. આ પ્રસંગે સર્વેને ભાવભર્યું આમંત્રણ છે.

-: સંપુર્ણ પહેડીના દાતા :-

**માતુશ્રી વાલબાઈ લખમશી ધરમશી પરિવાર**
**હ. શ્રી સોમચંદ લખમશી ધરમશી**

શુભ દિવસ : **સં. ૨૦૬૯ ચૈત્ર સુદ ૧ને ગુરૂવાર તા. ૧૧.૪.૧૩**
શુભ સમય : **સવારે ૯ થી બપોરે ૩ સુધી**

**ઉપરોક્ત શુભ પ્રસંગે સર્વે ભાવિકો અને નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

**❊ સ્થળ ❊**

**શેઠ નરશી નાથા સભાગૃહ (૧લે માળે), અનંતસિધ્ધિ કોમ્પલેક્ષ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ-૭૮.**

**શ્રી જય અંબે માં ધરમશી પરિવારના જય માતાજી**

❊ વધુ વિગત માટે સંપર્ક ❊

**શ્રી વિજય ધરમશી - 9833667366**
**શ્રી ધનજી ધરમશી - 9323645340**
**શ્રી નવીન ધરમશી - 0251 2490887**

### બાયઠવાસીઓને પર્યુષણ પર્વ પ્રસંગે પધારવાનું જાહેર આમંત્રણ

બાયઠ મહાજનશ્રી દ્વારા માદરે વતન કચ્છ બાયઠમાં ચાતુર્માસ આરાધના અને પર્વ પર્યુષણ ઉજવાશે. એ પ્રસંગે પધારવા સર્વે બાયઠવાસીઓ તથા નિયાણીબહેનોને આમંત્રણ છે.

-: યાત્રા કાર્યક્રમ :-

**બાંદ્રા-મુંબઈથી પ્રસ્થાન તા. ૩૧.૮.૧૩**
**પરત મુંબઈ માટે ભુજથી પ્રસ્થાન તા. ૧૧.૯.૧૩**

આવવા-જવાનું તથા રહેવા કરવાની તમામ સગવડો મહાજનશ્રી તરફથી રહેશે. વ્યક્તિદીઠ રૂા.૫૦૦ ડીપોઝીટ લેવાશે. સ્થાનિકે પહોંચતા તે રીફંડ અપાશે.

**નામ નોંધાવવાની અંતિમ તા. ૨૦.૮.૧૩**

સર્વે બાયઠવાસીઓ તથા નિયાણી પરિવારોને પધારવા વિનંતી છે.

સંપર્ક :

**ગુલાબ વેરશી પોલડીયા - 9975327772**
**નવીન નારાણજી ધુલ્લા - 9892273113**

લિ.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-બાયઠ**

## ડાઘા અને ધરમશી પરિવારનું ગૌરવ



**શ્રી અશોક ભાણજી ડાઘા**
બે પ્રતિક્રમણ



**અ.સૌ. પ્રિતી અશોક ડાઘા**
પંચ પ્રતિક્રમણ



**હીત અશોક ડાઘા**
બે પ્રતિક્રમણ

આજનાં કોમ્પ્યુટરયુગમાં પણ ધાર્મિકક્ષેત્રનાં અભ્યાસમાં અમારા તેજસ્વી તારલાઓ શ્રી આર્યરક્ષિત જૈન વિદ્યાપીઠ દ્વારા આયોજીત બે અને પંચપ્રતિક્રમણ ધાર્મિક શિક્ષણ પરીક્ષામાં ઉચ્ચ ક્રમાંકે ઉતીર્ણ થઈને ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરી અમારા પરિવારનું ગૌરવ વધાર્યું છે તે બદલ હાર્દિક અભિનંદન...

-: અમી આશિર્વાદ :-

**માતુશ્રી નવલબેન ભાણજી રતનશી ડાઘા** (વરાડીયા-મુલુંડ)
**માતુશ્રી કસ્તુરીબાઈ વાલજી પદમશી ધરમશી** (કોઠારા-હૈદ્રાબાદ)
**દિવ્ય આશીષ : સ્વ. જ્યોતીબેન હીરાચંદ ધરમશી** (કોઠારા-હૈદ્રાબાદ)
પ્રેરણા : **પૂ.સા.શ્રી કીર્તનગુણાશ્રીજી મ.સા. અને પૂ. તત્વાર્થગુણાશ્રીજી મ.સા.**
શિક્ષિકાબેન : **પ્રેમીલાબેન ગાંગજી શાહનંદ** (વાશી-નવીમુંબઈ)

-! શુભેચ્છક !-

| | | |
|---|---|---|
| નણંદ | : | **સૌ. મનીષા ધીરેન ધરમશી** (કોઠારા-ખાર) |
| ભાભી-ભાઈ | : | **સૌ. રેખા પારસ ધરમશી** (કોઠારા-હૈદ્રાબાદ) |
| ભાભી-ભાઈ | : | **સૌ. મમતા હિતેશ ધરમશી** (કોઠારા-હૈદ્રાબાદ) |

**રશ્મી ભાણજી ડાઘા અને હીત અશોક ડાઘા**નાં જય જિનેન્દ્ર

**: ફર્મ :**
**નવલ ટ્રેડીંગ કાું.**
દાણાબંદર, વાશી, નવી મુંબઈ, ફોન : 27836034

**: નિવાસસ્થાન :**
૨૦૧, સાંઈધામ, પ્લોટ નં. ૩૫, સેક્ટર ૨૬, વાશી, નવી મુંબઈ
9869472891(Ashok)/9969417696 (Preeti)/9172410345 (Heet)
E-mail : ashokdaga1973@gmail.com

## ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. માણેકજી શામજી વેલજી મોમાયા** (સાંયરા)
સ્વર્ગવાસ : ૧૬.૩.૨૦૧૩

*હે પ્રભુ પ્રાર્થના અમારી સાંભળજો*
*સદ્‌ગતના આત્માને પરમ શાંતિ આપજો...*
*એજ અમારી શ્રદ્ધાંજલિ...*

**સાંયરાના મિત્રો તરફથી શ્રદ્ધાંજલિ...**

* શ્રદ્ધાસુમન *

**વાલજી ખોના, રતિલાલ ધ્રોળ, દિનેશ પટેલ, હીરાચંદ શાહ, હીરાચંદ ધ્રોળ, મુલચંદ મોમાયા, ભદ્રેશ પટેલ, શાંતિલાલ લોડાયા, દામજી નરશી મોટરવાલા એવમ્ મિત્રગણ**

## પ્રકાશ-સમીક્ષા માટે આપ પણ લખી મોકલી શકો છો...

પ્રકાશ-સમીક્ષા નવયાદકાથી જ્ઞાતિપત્રકારિત્વ સેવામાં પ્રવૃત્ત છે. અનેક ચડાવ-ઉતાર વચ્ચે અને ટાંચા સાધન-ક્ષમતા મર્યાદાઓ વચ્ચે પણ જ્ઞાતિ પ્રવાહનું માધ્યમ બની રહ્યું છે. સદૈવ નિષ્પક્ષ, નીતિનિયમોસર, નીડરપણે બજાવતું રહ્યું છે.

આપ આ સાપ્તાહિક માટે આપના સ્વતંત્ર વિચાર, મંતવ્ય, જ્ઞાતિ ઘટનાઓની સમીક્ષા, જ્ઞાતિ પ્રવૃત્તિઓના આયોજન-અહેવાલ, સાહિત્ય-કલાના લેખ-કાવ્ય, ધર્મ, શિક્ષણ, વિજ્ઞાન, ઈતિહાસ, આરોગ્ય પ્રતિભા પરિચય, ગૌરવસિધ્ધિ, યુવા-મહિલા ઉત્કર્ષ સંબંધી લેખ વગેરે મોકલી શકો છો.

જ્ઞાતિના સર્વે મહાજન-સંસ્થાઓએ પોતાની પ્રવૃત્તિઓના આયોજન-અહેવાલ ટૂંકમાં મુદ્દાસર જરૂર લખી જણાવવા. જ્ઞાતિને તે જાણવાનો હક્ક છે અને આપણી તે મોકલવાની ફરજ બને છે.

## ડોંબીવલી શહાપુર યાત્રા

શ્રી કુલપાકજી તીર્થયાત્રી સંઘ-હૈદરાબાદ પ્રેરીત અને આયોજીત માનસમંદિર-શહાપુરની ૫૦ યાત્રિકો માટેની ડોંબીવલીથી ફક્ત રૂા.૫૦/-માં એક દિવસની યાત્રાનું આયોજન કરેલ છે. વહેલો તે પહેલોના ધોરણે નામ નોંધાવવા સંપર્ક : રાજાભાઈ-02512482494

# માતા-પિતા પ્રત્યે સંતાનોનું કર્તવ્ય -પૂ. મુનિ શ્રી પ્રકાશચંદ્રજી

"ભગવાન મહાવીરે ઠાણાંગ સૂત્રના ત્રીજા ઠાણે ફરમાવ્યું છે, 'तिण्ह तुप्पडियारं समणाउसो! तंजहा-अम्मापिउणं, भट्टिस्स, धम्मायरियस्स।' હે આયુષ્યમત્ત શ્રમણો! ત્રણનો પ્રત્યુપકાર કરવો યાને એમના ઋણમાંથી મુક્ત થવું મુશ્કેલ છે. (૧) માતા-પિતા (૨) ભરણપોષણકર્તા શેઠ (૩) ધર્માચાર્ય (ધર્મગુરુ)- આ ત્રણનો ઉપકાર અનંત બતાવેલ છે.

કોઈ પુત્ર પોતાનાં મા-બાપને જ્યાં સુધી જીવે ત્યાં સુધી મા-બાપને પોતાના ખભે બેસાડી વહન કરે-તેમની સેવા કરે તો પણ મા-બાપના ઉપકારના ઋણમાંથી તે મુક્ત થઈ શકતો નથી, પરંતુ જો તે દીકરો મા-બાપને સર્વજ્ઞ પ્રરૂપિત ધર્મનો ઉપદેશ આપી અનુકૂળ સંયોગો પેદા કરી તેમને ધર્મમાં સ્થાપિત કરે તો તેમના ઋણમાંથી મુક્ત થઈ શકે.

આવી જ રીતે શેઠ તથા ધર્મગુરુની બાબતમાં સમજવું જોઈએ. 'મનસ્મૃતિ'માં પણ કહેવાયું છે કે સંતાનોને ઉછેરીને મોટા કરવામાં માતા-પિતા જે દુઃખને સહન કરે છે, તેનો બદલો સો વર્ષપર્યંત સેવા કરવાથી પણ વાળી શકાતો નથી. આના ઉપરથી ખ્યાલ આવે છે કે તેમનો ઉપકાર કેટલો છે? શાસ્ત્રમાં 'અમ્મા-પિયા' એવા શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો જેને ગુજરાતીમાં માતા-પિતા કહેવાય. પહેલા માતા અને પછી પિતા; આમ ક્રમ બરાબર લેવામાં આવ્યો છે. પિતાને બાપા કહેવાય અર્થાત્ બાનો ચોથો ભાગ એટલે પિતા... કચ્છીમાં પિતાને 'અદ્ધા' કહે છે. તેનો અર્થ થાય માનો અડધો ભાગ હવે પપ્પા કહેવાય છે. તે તો ચોથા ભાગથી ય ઓછો ગણાય તથા વધારે ભણેલાં 'ડેડ' બોલે છે એનો અર્થ તો બધાને ખ્યાલમાં જ છે! આગળ બા-બાપુજી બોલતા'તા, હવે મમ્મી-પપ્પા બોલાય છે. ભાષામાં સુધારો કર્યો પણ માતા-પિતા શબ્દમાં જે મીઠાશ હતી તે મમ્મી-પપ્પામાં નથી આવતી. આપણા ભારતીય શબ્દો સારા હતા પણ હવે અંગ્રેજી શબ્દો બધાને વધારે ગમે છે.

ખલિલ જિબ્રાન નામના એક વિદ્વાને માતા માટે બે સુવાક્યો બહુ સરસ કહ્યા છે,

"The most beautiful word on the lips of mankind if mother' The most beautiful call on the lips of mankind is **My Mother"** અર્થાત્

માનવજાતિના હોઠ પરનો સૌથી સુંદર શબ્દ છે 'મા'. સૌથી સુંદર કોઈ સાદ હોય તો તે છે 'મારી મા' સોરઠિયા દુહામાં પણ મા માટે આવું જ કહેવાયું છે તે કેટલું હૃદયસ્પર્શી છે-

*"મોઢે બોલું મા, ત્યાં મને સાચે બાલપણ સાંભરે;*
*પછી આ બધી મોટપની મજા, મને કડવી લાગે કાગડા"*

માની મમતા અદ્ભુત હોય છે. તેનું વાત્સલ્ય અપાર હોય છે. તેથી માતાને 'માતૃદેવો ભવ' દેવ સમાન માનવામાં આવે છે. માતાના વાત્સલ્યનું વર્ણન ભગવતી સૂત્રમાં આવે છે. દેવાનંદા અને ઋષભદત્ત ભગવાન મહાવીરની પાસે આવ્યા. દેવાનંદાને એટલો આનંદ થયો કે તે ધારી ધારીને ભગવાન મહાવીરસ્વામીની સામે જોવા લાગી. તેના સ્તનમાં દૂધ આવી ગયું. તેની આંખો હર્ષાશ્રુથી ભીંજાઈ ગઈ. હર્ષથી પ્રફુલ્લિત બન્ને બાજુબંધ ફુલાઈ ગયા. હર્ષાતિરેકથી એની કાંચળી વિસ્તીર્ણ થઈ ગઈ. મેઘની ધારાથી વિકસિત કલમ્બ પુષ્પની જેમ તેનું શરીર રોમાંચિત થઈ ગયું. પછી તે શ્રમણ ભગવાન મહાવીરને અનિમેષ દૃષ્ટિથી જોવા લાગી. પ્રભુ પર તેને અલૌકિક વાત્સલ્યભાવ ઉભરાવા લાગ્યો.

ગણધર ભગવંત શ્રી ગૌતમસ્વામીએ ભગવાન શ્રી મહાવીર સ્વામીને વંદન-નમસ્કાર કરીને પૂછ્યું, 'હે ભગવન! આ દેવાનંદા બ્રાહ્મણીનાં સ્તનોમાંથી દૂધ કેમ નીકળ્યું યાવત્ એને રોમાંચ કેમ થયો? અને તે આપ દેવાનુપ્રિયને અનિમેષ દૃષ્ટિથી જોતી કેમ ઊભી છે?'

ભગવાન શ્રી મહાવીરસ્વામીએ ફરમાવ્યું, 'હે ગૌતમ! દેવાનંદા બ્રાહ્મણી મારી માતા છે. હું એમનો આત્મજ (પુત્ર) છું. તેથી દેવાનંદાને પૂર્વ-પુત્ર સ્નેહાનુરાગના કારણે સ્તનમાં દૂધ આવી ગયું યાવત્ રોમાંચ થયો અને તે મને અનિમેષ દૃષ્ટિએ જોઈ રહી છે.'

આ પ્રસંગ પરથી આપણને માતાના નૈસર્ગિક વાત્સલ્યનો બરાબર ખ્યાલ આવી શકે છે. દેવાનંદાના મનનું સમાધાન પણ થઈ ગયું કે પોતાને ભગવાન પ્રત્યે આટલો વાત્સલ્યભાવ કેમ ઊભરાય છે! પછી ભગવાને દેશના આપી જે સાંભળી ઋષભદત્ત અને દેવાનંદાએ પ્રભુ પાસે દીક્ષા લીધી તથા શ્રેષ્ઠ સાધના કરી કેવળજ્ઞાન પામી મુક્તિપદને પામ્યાં.

*ભગવંતની માતા ધન્ય સતી દેવાનંદા,*
*વળી સતી જયંતી છોડ દીયા ઘર ફંદા॥*
*સતી મુક્તે પહોંચ્યા વળી તે વીરના નંદ,*
*મહાસતી સુદર્શના ઘણી સતીઓના વૃન્દ॥*

એક નાના ગામડામાં વિધવા માતાનો એક પુત્ર હતો. તેનું નામ હતું વસિષ્ઠ, સાથે કામ હતું વિશિષ્ઠ. તે ખૂબ ભણ્યો હતો. સમય જતાં એક શહેરમાં તેને સારી નોકરી મળી ગઈ. હસમુખો સ્વભાવ, ગંભીર-સરળ અને નમ્ર ચહેરો તેમજ નિષ્ઠાપૂર્વકની કામગીરીના કારણે તેણે સારી લોકપ્રિયતા મેળવી હતી.

તે સોમવારે દાખલ થયો ને શનિવાર સુધી એ સરની ચેમ્બરમાં ડોકાયો ન હતો, પણ શનિવારે તે મક્કમ પગલે આવ્યો, 'સર! આજે શનિવાર છે, હું જાઉં?' સરે ઘડિયાળ સામે જોઈને કહ્યું, 'મિસ્ટર! આપણે ત્યાં

શનિવારની અડધી રજા હોતી નથી. ફૂલ ડે વર્ક હોય છે. એ આપણી કંડિશન ઑફ સર્વિસ છે. વસિષ્ઠે કહ્યું, મને કોઈએ કહ્યું ન હતું સર!' સર બોલ્યા, 'હશે... હવે જાણ્યું ને?' 'જી... મારી કંડિશન ઑફ સર્વિસ છે કે હું શનિવારે અઢી વાગે જઈશ અને સોમવારે એક વાગે આવીશ. તેણે મક્કમતાથી કહ્યું ને શાંત, મૃદુ, પણ મક્કમ ડગ ભરતો તે ચાલ્યો ગયો. સરને તેના પર ખૂબ જ સદ્ભાવ જાગ્યો.

સર વિચારતા રહ્યા કે મારી આટલી લાંબી કારકિર્દીમાં સામેથી કંડિશન ઑફ સર્વિસ આપે એવો કર્મચારી આવ્યો ન હતો. આવો આ એકજ છે. તેના દેખાવ પરથી તેના માટે કોઈ હલકો વિચાર કરી ન શકાય. કોઈ સાથે કશી લપ્પનછપ્પન નહિ, પ્રામાણિક પણ ખૂબ. ભાષા મધુર, ધીર ગંભીર છતાં રજા માટે તેણે આમ કેમ કર્યું હશે?'

વસિષ્ઠ સોમવારે આવ્યો ને દૃઢ સ્વરે કહ્યું, 'સર! કામ માટે આવી ગયો છું.' ફરજ બજાવી ફરી શનિવારના અઢી વાગે આવ્યો, રજા લીધી ને ઑફિસ છોડી સોમવારે તે એક વાગે આવ્યો. આ ક્રમ ચાલ્યો.

આ છૂટછાટથી અન્ય કર્મચારીઓને ઈર્ષા આવવા લાગી. શનિવારે તેમના પ્રતિનિધિઓ આવ્યા ને અડધી રજાની માગણી કરી. અડધી રજા આપી શકાય તેમ ન હોવાથી સરે ના પાડી. આથી કર્મચારીઓએ સર પર પક્ષપાતનો આક્ષેપ મૂક્યો, વસિષ્ઠને અડધી રજા કેમ મળે છે?'

સરે વસિષ્ઠને બોલાવ્યો અને પૂછ્યું, 'તમે શનિવારે ક્યાં જાઓ છો?' તેણે કહ્યું, 'સર, મારા વતનમાં શનિવારે ત્રણ વાગે મને મારા ગામની એક જ બસ મળે છે. તમે પરણેલા છો? ના, તમારા વતનમાં તમારું કોણ છે? મારાં માતુશ્રી... પિતાશ્રી નથી? ના... હું એક વર્ષનો હતો ત્યારે ગુજરી ગયા છે અને માતા અહીં આવવાની ના પાડે છે. તે કહે છે કે નવ વર્ષની હતી ત્યારે સાસરે આવી છું, હવે મારે આ ઘર છોડવું નથી. કૉલેજમાં આવ્યો ત્યારે અચૂક શનિવારે બા પાસે પહોંચી જાઉં. આ ક્રમ છેલ્લાં દશ વર્ષથી ચાલ્યા કરે છે. જવાબમાં દૃઢતા હતી. સાહેબે બધા કર્મચારીઓ સામે જોયું. બધા હળવે હળવે વિખરાઈ ગયા.

થોડા મહિના પછી ઑફિસની સ્ટેનોગ્રાફર ભારતીએ આવીને રાજીનામું આપી દીધું. સાહેબ ચમક્યા કે આટલી હોશિયાર સ્ટેનોગ્રાફર નહિ મળે એ વિચારે તેમણે પૂછયું. રાજીનામું કેમ આપો છો?' 'હું પરણવાની છું.' 'તેમાં રાજીનામું આપવાની શી જરૂર છે?' સાહેબે પૂછયું. હું પરણી ગામડે સાસુ પાસે રહેવા જવાની છું. 'તમારા પતિ શું કરે છે?' આપણી ઑફિસમાં નોકરી'. કોણ એ વસિષ્ઠ? ભારતી કહે, હા...' સાહેબ સ્તબ્ધ થઈ ગયા.'

ભારતી સુખી ઘરની દીકરી હતી. શહેરમાં એનું ઘર હતું. તેના પાણિગ્રહણ માટે કેટલાય યુવાનો ઉત્સુક હતા છતાં ભારતીએ દૂરના ગામડામાં જવાનું કેમ સ્વીકાર્યું હશે? વસિષ્ઠને સરે બોલાવ્યો ન કહ્યું, 'અરે! તમે કોઈ યુવતીની સામેય જોતા નથી એવો મારો ખ્યાલ છે, પણ તમે તો બહુ પાકા નીકળ્યા'. વસિષ્ઠે શાંતિથી જવાબ આપ્યો, 'સર! ભારતીને સમજાવો, એ મને પરણવાની હઠ છોડે.' સર મૂંઝાયા. ભારતીની સામે જોઈને પૂછ્યું, 'તારા પિતાજીએ સંમતિ આપી છે?' ભારતીએ કહ્યું, 'સર! સમર્પણમાં પિતાજીની પૂર્ણ સંમતિ છે.'

એક દિવસ ખુદ વસિષ્ઠ રાજીનામાનો કાગળ લઈ આવ્યો. આ જોઈ સાહેબ બોલ્યા, 'વસિષ્ઠ! તું પૂરી મુર્ખાઈ કરે છે, આવી નોકરી ફરી નહિ મળે.' આમ કહીસાહેબે રાજીનામાનો કાગળ એના તરફ પાછો નાખ્યો. વસિષ્ઠ બોલ્યો, 'સાહેબ! નોકરી તો કદાચ ફરી મળશે. પણ મા નહિ મળે.' તેની હાલત ગંભીર છે, માંદગી છ માસ લંબાય કે બાર માસ તેનો કોઈ ખ્યાલ ન આવી શકે.

ઘણાં વર્ષો બાદ તે સાહેબની ઉંમર ૮૦ વર્ષની થઈ. તેમને એક દીકરો હતો. સામે પુત્રવધૂએ અણબનાવના કારણે છૂટાછેડાનો દાવો માંડ્યો. વૃદ્ધ સાહેબને કોર્ટના ધક્કા ખાવા પડતા. એક વખત અદાલતમાં વસિષ્ઠ આવી ચડ્યો. ત્યાં એને ન્યાયાધીશની પદવી મળી. સાહેબ કોર્ટમાં આવીને બેઠા. જજની આકૃતિ પરિચિત ભાસી, પણ ઓળખી શક્યા નહિ. જ્યારે જજ સાહેબ તેમને ઓળખી ગયા ને હસ્યા. પુત્રની અપીલ નીકળી ને વસિષ્ઠે તે અપીલ બીજા જજ પાસે મૂકવા જણાવ્યું તથા જમવાનું આમંત્રણ આપ્યું.

વસિષ્ઠ વૃદ્ધ સાહેબને મોટરમાં બેસાડી પોતાના ઘરે લઈ આવ્યો. વૃદ્ધની શરીરસ્થિતિ બદલાઈ ગઈ હતી, વસિષ્ઠની પણ બદલાઈ ગઈ હતી, પણ મનઃસ્થિતિ જરા પણ નહોતી બદલાઈ. મોટર બંગલા પાસે આવી ઊભી. અંદર રહેલી આદર્શ ગૃહિણી બંગલાનાં દ્વાર પાસે આવી, તરત જ ઓળખી ગઈ કે આ તો આપણા સાહેબ છે. સાહેબને હવે ખબર પડી કે આ વસિષ્ઠ છે.

તરત જ સાહેબ બોલ્યા, 'બેટા ભારતી! ગામડેથી શહેરમાં આવી પહોંચી ખરી!' 'આપના શુભાશિષથી'. ભારતીએ ટૂંકમાં જવાબ આપીને કહ્યું. બા સ્વર્ગવાસી થયા પછી અમે અહીં આવ્યા, એમણે વકીલાત શરૂ કરી. પછી જજ થયાં.'

વસિષ્ઠ બોલ્યો, 'ભારતીને મેં ઘણીં સમજાવી, પણ તે માની નહિ. પરણીને બા સાથે રહી. બાની માંદગી લંબાતી ચાલી. ભારતી અનન્ય ભક્તિથી તેમની સેવા કરતી હતી.

એક દિવસ બાએ કહ્યું, આજે વેડમી બનાવો. ભારતીએ બનાવી તથા બા આગળ થાળી પીરસી. બાએ આખી થાળી પર નજર ફેરવીને ધીરેથી કહ્યું, લાડુ ખાવા છે ભારતીએ લાડુ બનાવ્યા ને બાને આપ્યા.

બાએ કહ્યું, પુડલા બનાવો. આ ક્રમ રાતના નવ વાગ્યા સુધી ચાલ્યો. જ્યારે છેલ્લે થાળ પીરસ્યો ત્યારે સંતોષથી બા હસ્યાં. ભારતીને પાસે બેસાડી હાથ ફેરવવા લાગ્યાં. પરીક્ષા પૂર્ણ થઈ ગઈ હતી.

બાએ કહ્યું, 'બેટા! મારે શું જમવાનું હતું? હું તો તારી છેલ્લી પરીક્ષા કરતી હતી. દીકરો તો શ્રવણ જેવો છે, પરંતુ તું તો એનાથી પણ ચડી જાય તેવી છો, બેટા! મને ખૂબ જ સંતોષ છે. તમે ખૂબ જ સુખી થજો. વસિષ્ઠની સામે જોઈ બાએ કહ્યું, 'બેટા! તારા જેવો પુત્ર અને ભારતી જેવી વહુ પામી હું સંપૂર્ણ તૃપ્તિ પામી છું તમે મારા, તમને અંતરના આશીર્વાદ છે કે આવાં જ પુત્ર અને વહુ તમને મળજો. સેવા કરનાર આશીર્વાદના અધિકારી બને છે.

આટલું બોલતાં બાએ અંતિમ શ્વાસ લીધા. વસિષ્ઠ તથા ભારતીની આંખો ભીની થઈ ગઈ. સાહેબની આંખો પણ ભીની થઈ ગઈ. તેમને થયું કે આ પણ છે અને મારી પુત્રવધૂ પણ છે. બન્ને વચ્ચે કેટલો તફાવત છે. વસિષ્ઠે સાહેબને આશ્વાસન આપ્યું તથા સહાય કરી.

માતા તરફ કેવો આદરભાવ હોય તેનો આ ઉત્તમ દાખલો છે. આવો ભાવ સંતાનોમાં આવે તો વડીલોના કેટલા આશીર્વાદ મળે?

***('જૈન પ્રકાશ'માંથી સાભાર)***

**ક.દ.ઓ. મોતા પરિવારજનો જોગ**

**હાર્દિક આમંત્રણ**

**કુળદેવી માં અંબાઈમાંની**
**સમૂહ પહેડી**

**ગુરુવાર તા. ૧૧-૦૪-૨૦૧૩**
**સવારના ૯-૩૦થી...**

-: શુભ સ્થળ :-

**જ્ઞાતિશિરોમણી શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ, બેન્કવેટ હોલ, ભોંયતળિયે અનંતસિદ્ધિ પરિસર, ભાંડુપ (વે)**

અર્ચના-આરાધના-વંદન-પ્રસાદ માટે સમયસર જરૂરથી પધારશોજી

-: સમૂહ પહેડીના લાભાર્થી :-

**શા. વેરશી માંયા મોતા પરિવાર** (સુથરી-વિલેપાર્લા)
હસ્તે : **રોનક તથા નેહા**

**શ્રી મોતા પરિવાર અંબામાં ટ્રસ્ટ, તેરા**
**તથા**
**મોતા પરિવાર યુથ ફોરમ**

# ક્રિકેટ મેચનું આયોજન

**માતુશ્રી ખમાવંતી ચીમનલાલ જેતશી ખોના પરિવાર તરફથી આયોજિત**

# સ્વસ્તિક કપ – ૨૦૧૩

**સહયોગી દાતા માતુશ્રી ખંમાવંતી ચીમનલાલ જેતશી ખોના, હસ્તે શૈલેષ ચીમનલાલ ખોના – ગામ મોટી ખાવડી, માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા – ગામ રાપરગઢવારી, માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા – ગામ વરાડીયા, શ્રી રામાપીર ડેવ્હલપર્સ હસ્તે દિપક ભવાનજી લોડાયાના સથવારે શ્રી સ્વસ્તિક ગ્રુપ, ડોંબિવલી દ્વારા ક્રિકેટ પ્રેમીઓ માટે રવિવાર તા. ૧૪.૪.૨૦૧૩ ના સવારના ૮.૦૦ કલાકે એક દિવસ મર્યાદિત ઓવરોની ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવેલ છે. આ રોમાંચક હરિફાઇ જોવા અને યુવકોને પ્રોત્સાહિત કરવા આપ સર્વેને હાર્દિક આમંત્રણ આપીએ છીએ.**

**: સંપર્ક :**



**જયેશ જીવરાજ લોડાયા – ૯૦૨૯૧૭૧૮૧૯** **રાજીવ વિનય ધરમશી – ૯૭૭૩૦૯૮૬૪૮**

**રવિવાર તા. ૧૪.૪.૨૦૧૩ સમય સવારના ૮.૦૦ કલાકે**

**સ્થળ : ડોંબિવલી જીમખાના, ડોંબિવલી (પૂર્વ)**



## કાવ્ય-પ્રકાશ

## आकार सें निराकार...

### (શરીરથી આત્મા - Known to Unknown)

खो गआी ज्योति, आकारसें निराकारमें
रोते रहे आकारपर, न जाना निराकारमें
सीमट गआी सांसे, खो गआी रोशनी, बीना ज्योतिके दियेके भी
दीया भी खो गया आकारसें निराकारमें ।
यदि है प्यास, और साहस जान लो अपनीहि अनुभुतीसें
विदा होकर भी हाजर हूँ- आपके हर सांसोमें,
नयन तो हैं पर नजर नहीं
मिलन कैसे होगा? छिपे निराकारसें
अवसर मिला है, बडी कींमत चुकाने पर
खो न जाये बचानेमें इस आकार को
जो पल पल बिदा हो रहा है-आकारसें निराकारमें
हम भी तो हैं दीये मिट्टी के,
मिट्टी में मिल जायेंगे एक दिन, आकार से निराकारमें!
सर्जन फिर सर्जेगा दीये को उसी मिट्टीसें
फिर जलेगी ज्योति, निराकारसें आकारमें
खो रही पल पल यह ज्योति आकारसें निराकारमें
जान लो शीघ्र, मील रही है मुफ्त
इन आकारसें आ रही सांसो सें
बहेते रहे आँसु, अपने हि सांसोंके विस्मरण सें
मुस्कुराते रहेंगे जब होगा स्मरण अपने ही सांसो के सहारे सें।

**- પ્રવીણ દામજી ડાઘા** (ચેન્નઈ)


શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)



**K. Dixit**

રીયલ ડાયમંડ જ્વેલરી

**કૌશિક રાયચંદ શાહ (પટેલ)**

**(સાંધાણ - ઘાટકોપર)**

**98204 57676**

**લગ્ન પ્રસંગ માટે લાઈટ વેઈટ રીંગ, પેંડન્ટ, બાલી, બ્રેસલેટ, બેંગલ્સ તથા નેકલેસનું આકર્ષક કલેક્શન**




## અસીં કેડીઓ.... હુબલી

અસીં કચ્છી દશા ઓશવાલ જૈન
અસીં અઈયોં હુબલી જા કચ્છી દશા ઓશવાલ જૈન

હુબલી જે દેરાસરમેં બિરાજેતા અજીતનાથ દાદા
અજીતનાથ દાદા મેંણીકે ડીંયેતા સુખ શાતા

બાજુમેં બિરાજેતા શંખેશ્વર પારસનાથ દાદા
હુબલી મેં દેરાસર ઝગમગેતો આંજી કૃપાથી દાદા,

ઉપાસરે મેં બિરાજેતાં ચક્રેશ્વરી ને મહાકાલી માતા
જોકો રખેવાળી કંઈયેતા હુબલી સંઘજી

હુબલી જા વડીલ પણ ઘણેં પરિશ્રમ કંઈયેંતા
એંન જો દાખલો આય વડીલે જો 'ગૃહઉદ્યોગ'

સ્નાત્ર મંડળ પણ શાન વધારેતો હુબલીજી
હિતવર્ધક મહિલા મંડળ પણ શોભા વધારેતો

નવા નવા કાર્યક્રમ કરીને મેણીં કે સાથે રખેંતા
'વુમન્સ ડે' જો જાતમહેનતથી કાર્યશીલ મહિલાએંકે

એવોર્ડથી નવાજેને મહિલા એં જી શાન વધારીયેંતા
હેલીમેલીને મહાકાલી માતાજી ભાવના કરાયને

ભગવતી મંડળ હંમેશા તત્પર રે'તો
હુબલી સંઘ જા બાળક કેંથી પોઠીયા નંઈ

ચૈત્યવંદન અતિચાર અને સામાયિક બોલેંતા કડકડાટ
હી આય અસાંજો હુબલી સંઘ

જેંજી તોલે કોય નાંય રંગ
અસીં કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ

**- ચેતના નરેન્દ્ર મોમાયા** (હુબલી)

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | ૭,૦૦૦ | ૪,૦૦૦ |
| અડધું પાનું | 160 x 111 mm | ૪,૦૦૦ | ૨,૨૫૦ |
| પા પાનું | 77 x 111 mm | ૨,૫૦૦ | ૧,૨૫૦ |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | ૭૦૦ |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | ૩૫૦ |

## મુઠ્ઠી ઊંચેરા કર્તવ્યનિષ્ઠ વ્યક્તિત્વને ત્રિમાસીક પુણ્યતિથિએ વંદન



## શ્રી જવેરચંદ ખીમજી મોમાયા

ઉ. વ. ૮૨ (ડુમરા/મુલુંડ)

જન્મ - ૧૯.૧.૧૯૩૧ • સ્વર્ગવાસ - ૧૨.૧.૨૦૧૩

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ અને શ્રી કે. ડી. ઓ. વેલ્ફેર ટ્રસ્ટ-મુલુંડ માં આપશ્રીનો પાયાનું યોગદાન અને માર્ગદર્શન અમુલ્ય છે.

મંડળની દરેક પ્રવૃત્તિઓને વેગ આપવા આપશ્રી હંમેશા કાર્યરત રહ્યા છો. આપશ્રીએ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળના વર્ષ ૧૯૯૧ થી ૧૯૯૮ સુધી પ્રમુખ પદે રહી નવા કિર્તીમાન સ્થાપિત કર્યા.

આપ સદા ધાર્મિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક પ્રવૃતિઓને પ્રોત્સાહિત કરતા રહ્યા અને યુવા પેઢીને પોતાની સાથે રાખીને ભવિષ્યની જવાબદારીઓ એ લોકો લઈ શકે એની કેળવણી આપતા રહ્યા.

આપનો સરળ સ્વભાવ અને આપની કર્તવ્યનિષ્ઠા આપણા દરેક જ્ઞાતિજન માટે યાદગાર રહેશે.

આપના અંતરના આશિષ હર હંમેશ અમારા પર રહે
આપના આત્માને જલ્દીથી મોક્ષ ગામી બનાવે
એજ પ્રભુ પાસે પ્રાર્થના

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ-મુલુંડ**
**શ્રી કે.ડી.ઓ. વેલ્ફેર ટ્રસ્ટ - મુલુંડ**
વતી સર્વે પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ,
કાર્યવાહક સમિતીના સભ્યો
તથા મહિલા વિભાગના નત્ મસ્તકે વંદન



## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ" ની અમૃતવાણી... (૨૬)

**- સોમ ધરમશી** (કચ્છ)

***નકાં અસાં કે કાંધીએંસે બેઓ કીં વાંધોં પ નાંય***
***પણ અસીં છુટાસીં તડેં ઈનીકે બધણું ન ખયે!***

**શબ્દાર્થ :** કાંધી = ડાઘુ, કાંધ દેનાર, અસીં = અમે

**ભાવાર્થ :** કવિ તેજ પ્રસ્તુત પંક્તિમાં પળભર ઉત્પન થતાં સ્મશાન વૈરાગ્યની વાત કરે છે અને પછી પાછો માનવી જિંદગીની મોહજાળમાં ફસાય છે તે તરફ ધ્યાન દોરી આ ક્ષણભંગુર જીવનની મહત્તા સમજાવે છે.

માનવી જ્યારે મૃત્યુને ભેટે છે ત્યારે તે આ ફાની દુનિયાની મોહમાયા-જંજાળમાંથી છુટી જાય છે. એ એકલો અનંતની વાટનો રસ્તો પકડે છે અને પાછળ આત્મીય સ્નેહીજનોને વલોપાત કરતાં મૂકી દે છે.

ક્યારેક આત્મીયજનો એ મરનાર વ્યક્તિ દુઃખદર્દથી પીડાતી હોય તો એ મૃત્યુથી વેદનામાંથી છુટ્યા. અહીં મરનાર રમુજમાં કહે છે કે, આમ તો કાંધ આપનારા સાથે કોઈ વાંધો નથી, પણ અમે તો છુટ્યા છતાં આ લોકો ફરી અમને બાંધે છે! મન મનાવી લે છે.

અહીં ગાલિબના સમકાલીન શાયર જોક ઈબ્રાહીમ શૈખની ગઝલની બે પંક્તિ યાદ આવે છે

***"લાયી હયાત આયે, કજા લે ચલી ચલે***
***અપની ખુશી ન આયે, ન અપની ખુશી ચલે"***

હયાત = જીવન, કજા = મૃત્યુ અથવા નસીબ

જીવન કે મૃત્યુ આપણાં હાથમાં નથી આ સનાતન સત્ય છે. મૃત્યુ પછી નનામી સાથે ડાઘુ, કાંધ દેનારા, સ્વજનો મૃત્યુ પામેલ વ્યક્તિને અવ્વલ મંઝિલે પહોંચાડવા સાથે ચાલે છે ત્યારે મનમાં ઘડીભર માટે સ્મશાન વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.

કવિ ત્યારે કહે છે કે અમે તો લખ ચોર્યાસીના ફેરામાંથી છુટ્યા પણ કાંધ દેનારાઓએ ફરીથી આ દુનિયાની માયા મમતા સાથે બંધાવું ના જોઈએ. અમારા મૃત્યુ પછી શોકસભા કે શ્રદ્ધાંજલિ માટે કાર્યક્રમો રાખવાની શી જરૂર? પણ પામર મનુષ્ય આ પરમ સત્યને સમજી શકતો નથી અને મોહમાયાનાં તાણાંવાણાંમાં વીંટળાઈ જાય છે.

અહીં શાયર જલન માતરી સાહેબની ગઝલ યાદ આવે છે.

*તરસતી જિંદગી ચાલી કોઈનાં પ્યારની પાછળ,*
*નિસાસા ને વિલાપો રહી ગયા મરનારની પાછળ,*
*બહુ ના રો સ્વજન! થોડું રહેવા દે રુદન બાકી*
*ઘણાં મરનાર જીવે છે હજુ મરનારની પાછળ...*

# સમુહ પહેડીની દિશામાં નવી કેડી કંડારતી શ્રી ધુલ્લા પરિવારની ઓશીયાજી યાત્રા

ધુલ્લા પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની ૩૦મી સમુહ પહેડી એમના મુળ સ્થાનક ઓશીયાજી (રાજસ્થાન) ખાતે હાલમાં જ તા. ૨ માર્ચ ૧૩ના રોજ સંપન્ન થઈ.

મુંબઈથી ઓશીયાજી વાયા જોધપુર માતાજીના મુળ સ્થાનકે પહોંચવા આયોજકોએ કદાચીત જ્ઞાતિમાં સૌ પ્રથમ સર્વે ભાવિકોને 3 Tier A.C. માં આવવાની અપ્રતિમ વ્યવસ્થા કરી એક નવી કેડી કંડારવાનો નમ્ર પ્રયાસ કર્યો.

ઓશીયાજી (રાજસ્થાન) ખાતે કુળદેવીને નમવા થનગનતા ભાવિકો તા. ૧ માર્ચ ૧૩ના શુક્રવારના બપોરે ૧૨.૩૦ વાગે મુંબઈ (બાંદ્રા)થી સૂર્યનગરી એક્ષપ્રેસ દ્વારા 3 Tier A.C. કોચમાં સર્વે અબાલવૃદ્ધ ઉમંગ-ઉલ્લાસ અને ઉત્સાહથી પોતાની યાત્રા આરંભી. આ દરમ્યાન એજ સૂર્યનગરી એક્ષપ્રેસમાં બરોડા-અમદાવાદ તથા મહેસાણાથી પણ આતુર ભાવીકો ટ્રેનમાં સહ પરિવાર જોડાયા અને શનિવાર ૨ માર્ચ ૨૦૧૩ના વહેલી સવારે ૬.૩૦ વાગે સકળ સંઘ જોધપુર સ્ટેશને પધાર્યો.

મહામહિનાની ફુલગુલાબી ઠંડીમાં વહેલી સવારે સર્વે ભાવિકો જોધપુર ઉતરતા ચા-પાણી કરતાં જ 2x2 A.C. બસમાં ઓશીયાજી જવા ભક્તિ-સંગીત સહ આનંદ કીલોલ કરતાં કરતાં સવારનાં ૮.૩૦ કલાકે ઓશીયાજી આવી પહોંચ્યા.

અત્રે આવતાં જ સર્વે પોતપોતાના ઓતારે સામાન મુકી ધુલ્લા પરિવારના સામિયાનામાં એકત્રીત થયા. જલેબી પાપડી તથા અન્ય દક્ષિણ ભારતીય વાનગીઓની સાથે ચા-પાણી નાસ્તા પશ્ચાત સૌએ પોતપોતાની રીતે ચંદ્રપ્રભુ પાર્શ્વનાથની સેવાપુજા, ભક્તિભાવના કર્યાબાદ પૂજ્ય માના દરબારમાં જવા વાજતે ગાજતે ઢોલ નગારાને સંગ ઝુમતા ભાઈઓ તથા ગરબા લેતી બહેનો સહીતનો સકળ સંઘ માના દરબારે પહોંચ્યો.

જયજયશ્રી સચ્ચાઈમાંના નારાઓની સંગાથે પૂ. સચ્ચાઈમાંને ભાવિકોએ એક હસ્તે પહેડી નૈવેધ અર્પણ કર્યા અને એ સાથે જ સર્વે હાજર ભાવિકો રંગમંડપમાં માતાજીની ભક્તિથી ઓશીયા નિવાસીઓને ધુલ્લા પરિવારની હાજરીનો એહસાસ કરાવ્યો. એ સાથે જ પૂ. ભૂઈમા અ.સૌ. હીરાવંતી દૌલતના આશીર્વચન અમેરીકાથી ફોન ઉપર આવતા સર્વે હાજર ભક્તોને માતાજીના સ્વયં આશીર્વાદની પ્રતિતી મહેસુસ થઈ.

નૈવેધ પહેડી પધરાવી સર્વે ભાવિકો સાધર્મિક ભક્તિનો લાભ લેવા પોતાના સ્વતંત્ર શામીયાને પધાર્યા શીરો-લાપસી-ગુગરીના પ્રસાદ સાથે અન્ય મિષ્ઠાન-ફરસાણોના રસથાળ માણ્યો.

આ દરમ્યાન આયોજકોએ ગતવર્ષના હીસાબી અહેવાલો તથા સાંધાણ ખાતેના નૂતન મંદિરના બાકી દેવાના અહેવાલ સુપ્રત કર્યા અને સંપૂર્ણ મંદીર ખર્ચના હિસાબની આપવા નિકળતી સંપૂર્ણ રકમ શ્રી મણીકાંત ધુલ્લાએ પોતાના ખાતામાંથી શ્રી મેહુલ મોતાને ચુકવ્યાનો અહેવાલ આપી સાથેસાથે ભાવિકોને આવકારતા પહેલા વિતેલા વર્ષે વિદાય લેતાં લેતાં આપણા ચહીતા વડીલ માનનીય સ્વ. શ્રી કરમશી ખેતશી ધુલ્લાએ લીધેલી અણધારી વિદાય નિમીત્તે બે મીનીટનો મૌન પાળી એમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી.

બપોરના ૩.૩૦ વાગે ચા-પાણી બિસ્કીટ લઈ સૌ પાછા જોધપૂર જવા રવાના થયા એજ આનંદ કીલોલ સંગીત-મસ્તી સાથે જોધપુર, સાંજના ૬ વાગે આવી સૂર્યનગરી એક્ષપ્રેસ દ્વારા મુંબઈ તરફ પ્રયાણ કર્યું. અને આવતી વખતે પ્રવાસ દરમ્યાન જોડાયેલા મહેસાણા, અમદાવાદ-વડોદરાના જોડાયેલા પરિવારો પોતાના સ્થાનકે ઉતરી રજા લીધી. સમગ્ર મુસાફરી દરમ્યાન આવતા-જતા ચા-પાણી સુકામેવા, નાસ્તા તથા 3 Tier A.C. ની મુસાફરી સર્વે એ મન મુકીને માણી અને વળતી સવારે રવિવાર સવારના ૩.૩.૧૩ના ૧૧.૩૦ વાગે સકળ સંઘ મુંબઈ, બાન્દ્રા આવી પહોંચ્યો.

આ સમુહપહેડી પ્રવાસને યાદગાર બનાવવા માટે સમગ્ર ધુલ્લા પરિવારના એમના દિલેર દાતા **શ્રી મણીકાંત હીરજી ધુલ્લા (જખૌ-મુલુંડ)**નો સિંહફાળો તથા **શ્રી નવીન નારાણજી જૈન (બાયઠ-મુલુંડ)** સહયોગી દાતાનો સદા ઋણી રહેશે.

આ અવિસ્મરણીય પ્રવાસના આયોજનકર્તા જયપ્રિત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના જયંતીભાઈ મૈશેરીનો તથા સર્વે જોડાયેલ એકએક ભાવિકોનો ધુલ્લા પરિવાર ખૂબ ખૂબ આભારી છે.

## ચિંતન-પ્રકાશ : 'આત્માની ઓળખ'...!

વિશ્વમાં પરોપકાર જેવું બીજું કોઈ પવિત્ર આચરણ નથી. આ માટેની પૂર્વ શરતરૂપે પરમાત્માના અસ્તિત્વની અનુભૂતિ અને તમામ જીવો પ્રત્યે હૃદયમાં કરૂણાભાવ જેવા ઉમદા ગુણો ખિલવવા જરૂરી છે. આણંદે પધારેલ પૂ.પ્ર.શ્રી. તીર્થભદ્રવિજયજી મ.સાહેબે મધુર પ્રેરક અને વ્યવહારિક દૃષ્ટાંતોને સાંકળીને જિનવાણીમાં માધ્યમ દ્વારા અરિહંત સાથેનો પરિચય કેળવીને, તેની શરણાગતિનો સ્વીકાર કરીને અને માનવદેહની અણમોલ ભેટ બદલ અંતરમાં કૃતજ્ઞતા ભાવ લાવીને આત્મકલ્યાણ અને મોક્ષ પ્રાપ્તિના પરમ લક્ષને પામવા માટે પ્રભુ પ્રીતિનો ભાવ જગાડવાની સૌને શીખ આપી.

આ માટે શરીરની આળપંપાળ, પારિવારિક સંબંધોના લગાવ અને સંસારના પદાર્થો પ્રત્યે અરૂચી કે ઉદાસીનતા લાવવાની અને આત્મોન્નતિના વિચારની આવશ્યકતા પ્રત્યે પૂજ્યશ્રીએ અંગૂલીનિર્દેશ કરેલ.

પૂ.શ્રીએ પ્રભુપ્રીતિ, પ્રભુભક્તિ, કર્મનિર્જરા અને ભાવભ્રમણની અદ્‌ભૂત વાતો કરીને સૌને "જાગ્યા ત્યાંથી સવાર" એ ન્યાયે આત્મનિરીક્ષણ અને આત્મ પરિક્ષણના માપદંડ દ્વારા જીવન પરિવર્તનની ઉત્કૃષ્ટ કક્ષામાં લાવી દીધા હતા. આવી ઉપકારી અને જ્ઞાની ગુરૂ ભગવંતના ચરણોમાં કોટી કોટી વંદન...!

– **ડૉ. ઠાકરશી મૈશેરી** (આણંદ)

વાત્સલ્યમૂર્તિ - ધર્માનુરાગી - સેવાભાવી વડીલશ્રીને

**પ્રથમ પુણ્યતિથિ ભાવભીની પુષ્પાંજલી**



**સ્વ. લહેરચંદ રાયચંદ છેડા**

દિન વિત્યા, મહિના વિત્યા, વિત્યું આખુ વરસ, તમ ગયા, તમારી હૂંફ ગઈ, વહાલપનાં વધામણા ગયા અને અંતરના ઓવારણા ગયા, મૃત્યુનો સ્વીકાર અસહ્ય છે, તેમ છતાં સત્ય છે. જીવન એવું જીવી ગયા કે કદી ભુલાય નહિ. દુઃખથી કદી ડર્યા નહિ, સુખથી કદી છલકાયા નહિ, વ્યવહાર કદી ચૂક્યા નહિ, ધર્મ કદી ભુલ્યા નહિ. સહુના હૃદયમાં વસતા રહ્યા. સુખ દુઃખમાં સદાય હસતા રહ્યા. આપની પ્રથમ પુણ્યતિથીએ વંદન કરતાં પરમાત્માને એજ પ્રાર્થના આપનો દિવ્ય આત્મા પરમ પદને પામો.

લિ.

શ્રી રાયચંદ ધારશી છેડા પરિવાર

દ : મોહિક - જીલ

## કાવ્ય-પ્રકાશ

### બાંઢીયા દરશન

હલો વડીલ, હલો ભાવરને ભેનરું,
હલો નીયાણીંયું ને જમાઈરાજ
"બાંઢીયા" માજન જો નીંયાપો આય,
"અતીથીઘર" જો ઉધગાટન આય,
હલો પાંજે વતન
કરયો "બાંઢીયા" ગામ દરશન,
ઓગોણે (પૂર્વ) **શંકરભગવાન** જો મંધર આય,
**જાગેશ્વર** જે નાં થી પ્રખ્યાત આય,
(પશ્ચિમ) વાંઈયાકોરા તરા આય,
જેંજો ના **વાંઈતરાઈ** આય.
**૧૯૬૯** મેં સ્વ. **વીરજી ગંગાજર**
સ્વ. **ડુંગરશીભા** જી યાદમેં ભનાય દના.
તરાજે પાર તેં **ક્ષેત્રપાલદાદાજી** દેરી આય.
વટે "સુરાપુરા" ને **સતીમાતા** જા પાવન સ્થાન
**માજનવાડી, માજન** જો **ભગીચો**
**ગામ પંચાયત, કોમ્યુનીટી હોલ**
**નવી નિશાળ** હીં ગામ જી "શાન"
**ઉતર મેં પંચવટી** વડ જો ઝાડ આય
**કુલીયેવારો** વડ જેંજી ઓળખ આય.
**દખણ મેં** હનુમાનજી જો મંધર
ભજારવટ **શ્રી ભલારાદાદા** જો સ્થાન
**"વિમલનાથ"** જો દેરો
આય અભડાસેમેં અનેરો સ્થાન
**જ્ઞાનશાળા, આંભલવાડી, ચબુતરો**
**જુની નિશાળ** આય દશાઈએંજી પેચાન
**શેલોર વાય, ઠાકરમંધર, ગોળેશ્વર** મહાદેવ
**મસ્જીદ, જખેંજો ઘોડો ગોળજીદાદા**
**નંઢો તરા, વડો તરા, ઈંદગોળ જીજામાં**
એડાત કેતરાક અહીં નેરેજા સ્થાન
ને શેરીયું અહી **સીમેન્ટ કોંકરીટ** જીયું.
**ઘર ઘર મેં** આય **લાઈટ** ને **"પાણી"**
**કોમ્પ્યુટર**ને **ઈન્ટરનેટ** જો ભણતર આય
ઈ પાંજે **ગામજી પ્રગતિ** આય
અતિથીઘીરજે ઉદ્‌ઘાટન તે જરૂર અચીજા...

– **તિલક લાલકા** (ડોંબીવલી)

શુભેચ્છા સહ....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

## સગપણ સેતુ

સગપણ સમસ્યા હળવી કરવા આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ ૨૦ કોલમ ભરી મોકલો. **પ્ર.સ. દ્વારા ચાલતો આ નિઃશુલ્ક વિભાગ યોગ્ય પાત્રની વિશાળ પસંદગી માટે સુલભ માધ્યમ છે.** એવું નથી કે, સગપણ ન થતા હોય એટલે એમાં ભાગ લેવું. પણ તમારા સંતાનનો જ્ઞાતિ સમક્ષ પુરો પરિચય થાય અને આપને પસંદગીની એક સારી તક મળે એ દૃષ્ટિએ એમા વિનાસંકોચે ભાગ લો. પ્રકાશિત થયેલ ઉમેદવારના પરિચય ઉપરથી **પસંદગીનો ક્રમાંક લખી જણાવી અમને આપના સંતાનનો બાયોડેટા મોકલો.** એ વિગત આપના પસંદગીના ઉમેદવારના પરિવારને જણાવીશું. પત્રવ્યવહાર માટે જરૂરી પોસ્ટેજ કવર સાથે મોકલવા વિનંતી છે. **સીધે સીધી માહિતી કોઈને અપાતી નથી.** આપ ઈચ્છો તો આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ ૨૦ કોલમ ભરી મોકલો અને સગપણ સેતુમાં ભાગ લો.

| ક્ર. | માહિતી પત્રક | ૪૮૬ | ૪૮૭ | ૪૮૮ | ૪૮૯ | ૪૯૦ | ૪૯૧ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સ્ત્રી કે પુરૂષ | પુરૂષ | પુરૂષ | પુરૂષ | પુરૂષ | પુરૂષ | સ્ત્રી |
| ૨ | નુખ/અટક/ઓળખ | ડાઘા | લોડાયા | મોતા | ખોના | સોની | મોતા |
| ૩ | વતન કચ્છ કે હાલાર | કચ્છ | કચ્છ | કચ્છ | કચ્છ | કચ્છ | કચ્છ |
| ૪ | જન્મ તારીખ | ૩૦.૬.૮૬ | ૧૯.૧૨.૮૩ | ૨૬.૧.૮૪ | ૨૦.૬.૮૬ | ૩.૬.૮૭ | ૧૯.૩.૮૩ |
| ૫ | વય (વર્ષ) | ૨૪ | ૨૯ | ૨૯ | ૨૫ | ૨૬ | ૨૪ |
| ૬ | ઉંચાઈ (સે.મી.) | ૫'-૮" | ૫'-૧૧" | - | ૫'-૮" | ૫'-૫" | ૫'-૩" |
| ૭ | વજન (કી.ગ્રા.) | ૬૦ | ૭૫ | ૭૨ | ૬૫ | ૬૦ | ૬૫ |
| ૮ | વર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ |
| ૯ | શિક્ષણ/અભ્યાસ | B.E.(Ele.) LL.B.CS. | H.S.C. | MBA | B.Com. | HSC(Comp) | B.Com(Comp) |
| ૧૦ | નોકરી/ધંધો | નોકરી | નોકરી | નોકરી | ધંધો | નોકરી | નોકરી |
| ૧૧ | હાલ ગામ | મુંબઈ | વિદેશ | મુંબઈ | સેંધવા | ચાલીસગામ | ડોંબીવલી |
| ૧૨ | ખોડખાંપણ | નથી | નથી | નથી | નથી | નથી | નથી |
| ૧૩ | માસિક આવક (રૂા.) | ૧ લાખ | - | - | ૫૦ હજાર | ૧૮૦૦૦ | - |
| ૧૪ | અવર/વિ/છુટાછેડા | અવર | — | અવર | સગપણ છુટા | અવર | અવર |
| ૧૫ | કુંડલીમાં માનો છો? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૬ | મંગળ/શનિ છે? | ના | ના | મંગળ | ના | મંગળ | મંગળ/શનિ |
| ૧૭ | ફોટો મળશે? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૮ | કુંડલી મળશે? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૯ | તમારી પાત્ર અંગે પસંદગી/અપેક્ષા | સુંદર દેખાવડી | સુશીલ/સંસ્કારી | સંસ્કારી | મિલનસાર સંસ્કારી | સુશીલ સંસ્કારી | મિલનસાર |
| ૨૦ | ઉમેદવારની ખાસ વિશેષ માહિતી | દીર્ઘદૃષ્ટા | મિલનસાર | મિલનસાર | સંસ્કારી | મિલનસાર | મિલનસાર સુશિક્ષિત |

આ વિભાગમાં ભાગ લેવા કાર્યાલય માટે નીચેની વિગત ભરી મોકલવી જરૂરી છે. (નીચેની માહિતી અપ્રકટ રહેશે.)

મોકલનાર વાલીનું નામ : ____________ ઉમેદવારનું નામ : ____________

સરનામું : ____________

____________ ફોન : ____________

૭મા અધિકૃત વ.પ. ના કુટુંબ ક્રમાંક : ____________ સહી : ____________

## TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**

**M/s. Damji Bhimji Co.,** Station Road,

Chalisgaon- MH. 424101.

### INTERESTING ANECDOTES

#### For learning no parrot is old

A College Professor was very fond of visiting remote places in the the Himalayas. During one of his expeditions, he happened to be at a small hamlet in the Bilaspur District of Himachal Pradesh. He stopped at a small shop for the night. Early in the morning his eyes met a curious sight. The old shopkeeper was sitting at his desk and writing something in a beautiful handwriting. 'What are you writing. sir? And so early in the morning when most of the people around you are still asleep?' asked the Professor.

'well, I am translating the Ramayana into Persian. I have already completed translations in German, French, Italian, Spanish, French, Spanish and Arabic. This is the sixth was the reply.

'How much time did you take in all these literary efforts?'

'I started when I was 19 years of age. At present I am 79.'

'It was a tough task at this age, why bother?'

'I think one is never too old to learn. I learned so much while translating this marvelous work. I want to be doing one or the other as long as I am alive. This is my gift to God. I wish to discharge it in my life time."

'How did you manage to learn so many languages in such a god-forsaken village?

'Well, where there is a will there is a way too.' I was always interested in learning foreign languages. I coached myself with the help of books and with determination. I have not given up. One is never too old to learn, you known,' was the reply.

**Proverbs are lamps to life**

The actions of men are the best interpretation of their thoughts.

- You cannot train a horse with shouts and expect it to obey in a whisper.
- The habit of looking on the best side of every event is worth more than a thousand pounds
- A quitter never wins and a winner never quits.

**Amazing facts**

Half of the Americans over the age of 55 have no teeth.

- Virginia Wolf wrote all her books standing.
- Leonardo da Vinci invented Scissors
- The most fatal car accidents occur on Saturdays.

**Amazing figures**

Between 5 and 6% of India's population is disabled. There are more than 70 million disabled people in the country. the first employment exchange for the disabled was first set up in Mumbai for the physically disabled people in 1959 in 1977 the government reserved 3% of vacancies in identified jobs in government and public sectors in groups C&D for the disabled peopled. According to the national survey of 1991 there are 7 million employable disabled people waiting for a job.

**Word power**

This week's prize goes to Mrs. ANITA G. SHAH FOR HER 1440 WORDS. Congratulations Anita. That must have really required a effort. Keep it up. Today's word is **'quitters never win, winners never quit.'**

**Think over it**

Things that makes our age, our hair white and our faces wrinkled are worry, doubt, fear and inability to smile. A spirit of cheerfulness and happy toughts will help keep these things away.

Statement about ownership and other particular relating to C.D.O. PRAKASH-SAMIKSHA published under Rule 8 of the Registration of Newspapers (Central) Rules, 1956

**FORM IV**

| | | | |
|---|---|---|---|
| 1. | Place of Publication | : | 115, Tirupati Indl. Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai - 400 078. |
| 2. | Periodicity of its Publication | : | Weekly |
| 3. | Printer's Name | : | Jayant V. Chheda |
| | Nationality | : | Indian |
| | Address | : | 601, Abhinandan, Sarvoday Nagar, Mulund (West), Mumbai-80. |
| 4. | Publisher's Name | : | Jayant V. Chheda |
| | Nationality | : | Indian |
| | Address | : | 601, Abhinandan, Sarvoday Nagar, Mulund (West), Mumbai-80. |
| 5. | Editor's Name | : | Shri Raichand R. Nagda |
| | Nationality | : | Indian |
| | Address | : | 29/41, Rajabahadur Compound, Tamrind Lane, Mumbai-400 001. |

I, J. V. Chheda hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

For **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI.**

Date : **J.V. Chheda**

30th March 2013 (Printer & Publisher)

## વાણિજ્ય-પ્રકાશ : સર્વિસ ટેક્સ-માફી યોજના-૨૦૧૩ -શાહ પારસ લહેરચંદ પટેલ (ડોંબીવલી)

## SERVICE TAX VOLUNTARY COMPLIANCE ENCOURAGEMENT SCHEME 2013 (VCES)

બજેટ-૨૦૧૩માં સરકારે કરવેરા કસુરવારો (Defaultes) માટે એક તરફ ધરપકડ/જેલ (ઓછામાં ઓછી ૬ માસથી શરૂ.) દંડ જેવી સૌથી કડક કાર્યવાહી વિચારી છે. અને બીજી તરફ ટેક્સ ન ભરનાર (જૂના) માટે ટેક્સ ભરવાનાં પ્રોત્સાહન માટે સર્વિસ ટેક્સ 'માફી યોજના-૨૦૧૩' (VCES) જાહેર કરેલ છે. જેમાં માની ન શકાય તેવી વ્યાજ, દંડ અને કાનુની કાર્યવાહીમાંથી સંપૂર્ણ માફીની યોજનાની દરખાસ્ત છે. જેમણે ૧.૧૦.૨૦૦૭થી સર્વિસ ટેક્સ ન ભર્યો હોય તેમના માટે એક સુવર્ણ તક છે જેનો લાભ લેતા સરકાર પાસે ભરપુર રકમ મળી રહેશે. આ સુચીત યોજના મે'૧૩ અંત સુધી નાણાં ખરડો લોકસભામાં મંજૂર થયેથી અમલમાં આવશે.

### (A) યોજનાનો કોણ લાભ લઈ શકે?

(૧) સર્વિસ ટેક્સ રજીસ્ટ્રેશન થયેલ હોયઃ
  (અ) ટેક્સ રીટર્ન જમા ન કરાવ્યા હોય અથવા
  (બ) રીટર્ન જમા કરાવ્યા હોય તો તેણે સાચી વિગતો રીટર્નમાં ન દર્શાવી હોય.

(૨) રજીસ્ટ્રેશન લેવાની જવાબદારી બને તો પણ રજીસ્ટ્રેશન ન કરાવેલ હોય.

ઉપરની ત્રણ બાબતમાંથી કોઈ પણ આ યોજનાનો લાભ લઈ શકે છે.

પણ... તમે આ લાભ ન લઈ શકો જો...

(૧) સર્વિસ ટેક્સ આકારણી કે ચુકવણીને લગતી સૅક્શન-૭૨, ૭૩ અને ૭૩(અ)ની નોટીસ તા. ૧.૩.૨૦૧૩થી પહેલાં મળેલ હોય...

(૨) ચોક્કસ પ્રકારની પુછપરછ/તપાસ કે સર્વિસ ટેક્સ ઑડીટ ૧.૩.૨૦૧૩ સુધી બાકી (પેન્ડીંગ)હોય...

તો આ યોજનાનો લાભ ન લઈ શકાય.

### (B) કેટલા વર્ષનો ટેક્સ, ક્યારે ભરવાનો?

આ યોજનામાં ફક્ત તા. ૧.૧૦.૨૦૦૭થી ૩૧.૧૨.૨૦૧૨ સુધીનો જૂનો ટેક્સ ભરવાનો બાકી રહેતો હોય તો તેજ ભરી શકાય. એ સમયથી આગળનો કે પાછળનો ટેક્સ આ યોજનામાં માફીને પાત્ર નથી.

તો જે સમયનાં ટેક્સ યોજનાનો લાભ લેવો હોય તે ટેક્સની રકમ નીચે મુજબ ભરવી પડશે.

(૧) ઓછામાં ઓછી ૫૦% રકમ ૩૧.૧૨.૨૦૧૩ સુધી

(૨) બાકીની રકમ... ૩૦.૬.૨૦૧૪ સુધી (વગર વ્યાજે)

(૩) બાકીની રકમ કલમ(૨) મુજબ ન ભરાય તો તે રકમ ૧.૭.૨૦૧૪થી વ્યાજ સહીત તા. ૩૧.૧૨.૨૦૧૪ સુધી ભરવી પડશે.

### (C) યોજનાનો ફાયદો :

(૧) વ્યાજ ભરવામાંથી માફી, (૨) દંડ ભરવામાંથી માફી, (૩) દંડાત્મક કાનુની કાર્યવાહીમાંથી મુક્તિ

(અલગ સમયમાં વ્યાજ ૧૩% ૧૫% ૧૮% વાર્ષિક દંડ રૂા.૧૦૦/૨૦૦ પ્રતિદિન, તેમજ શિક્ષાત્મક કાર્યવાહી હતી. જેમાંથી માફી જાહેર કરાઈ છે.

### (D) બીજું શું કરવું પડે?

(૧) તપાસવાનું કે આપણે આ યોજનાનો લાભ લેવા પાત્ર છીએ કે નહીં.

(૨) તા. ૧.૧૦.૨૦૦૭ થી ૩૧.૧૨.૨૦૧૨ સુધીના સમયમાં ટેક્સ ભરવાનો કેટલો બાકી છે તેની વિગત કાઢવી.

(૩) સ્કીમ શરૂ થયાથી ૩૧.૧૨.૨૦૧૩ સુધી યોજનાનો સંપૂર્ણ ફોર્મ, માહિતી અને જરૂરી જાહેરનામું સર્વિસ ટેક્સ કમીશ્નરને સુપરત કરવાનું રહેશે. જાહેરનામું સુપરત કર્યા બાદ સમયસર ટેક્સ ભરીને (B)માં જણાવ્યા પ્રમાણે ટેક્સની ભરપાઈની વિગતો તે કમીશનરને સમયસર આપવી પડશે.

(૪) જાહેરનામું સ્વીકાર્યા બાદ અને એ ટેક્સની રકમ ભરી દીધા બાદ વ્યાજ, દંડ અને દંડાત્મક કાર્યવાહીમાંથી છુટકારો મળશે.

(૫) જાહેરનામાની તારીખથી ૧ વર્ષ પછી કોઈ કાર્યવાહી નહીં થાય. પણ એ દરમ્યાન જો કમીશનરને જાહેરનામુ ખોટું/જુઠું જણાય તો તે પોતાના લેખીત કારણો જણાવીને પુછપરછ કરી શકશે.

(૬) એ રકમની ભરપાઈમાં બાકી રહેતી રકમ પર સામાન્ય રીતે ટેક્સ, વ્યાજ-દંડને પાત્ર રહેશે.

(૭) જાહેરનામાની ભરેલ રકમ પાછી નહીં જ મળે.

આ યોજનાનો લાભ લેતાં પહેલાં એનો ઉંડો અભ્યાસ વિશ્લેષણ પાછળના સુધારાઓ સમજીને આગળ વધવા આગ્રહભરી સલાહ છે.

**લગ્ન સંબંધી:** ખોના નુખની, ૧૯૮૨ જન્મ, સુંદર દેખાવડી, ડબલ ગ્રેજ્યુએટ, વાર્ષિક રૂા.૩ લાખ આવકની નોકરી કરતી, કુટુંબ વાત્સલ્ય યુવતી માટે સમકક્ષ યુવકના વડીલો સંપર્ક કરે.
ફોન : **07738009030 / 09980948126**

# વ્યક્તિત્વ

જીવનમાં આપણને ઘણીવાર દેશનેતાઓ, ધર્મોપદેશકો, સાહિત્યકારો અને કલાકારોના પ્રત્યક્ષ કે પરોક્ષ પરિચયમાં આવવાની તક મળે છે. તેમનું વ્યક્તિત્વ આપણાં પર જાદુ કરી જાય છે. તેમના વિચાર, વાણી કે વર્તનની આપણાં પર ઊંડી છાપ પડે છે. આમ બનવાનાં કારણોની શોધ કરવામાં આપણને રસ પડે છે. ત્યારે આ વ્યક્તિત્વ શી વસ્તુ છે અને તે કઈ રીતે જાદુ કરે છે તે આપણે જોઈએ.

દરેક માનવીને પોતાની શક્તિ અને વિવેક બુદ્ધિ મળેલાં છે. માત્ર તેનો સંપૂર્ણ વિકાસ કરવાની તક થોડીકજ વ્યક્તિઓને મળે છે. આવી વ્યક્તિઓ સીધે ચીલે ચાલતી નથી, કોઈનું અનુકરણ કરી બેસી રહેતી નથી. લોકાપવાદથી ડરતી નથી, નિષ્ફળતાથી નિરાશ થતી નથી; પરંતુ પોતાનાં ઈષ્ટ ધ્યેયને પહોંચવા તે જાનને જોખમે પ્રયત્નો કરે છે. શરૂઆતમાં તેના વિચારોને જગત હસી કાઢે છે. તેનાં નવાં મૂલ્યાંકનો સમાજને ક્રાંતિકારી લાગે છે અને ઘણીવાર તો તેમને આવા વિચારો ધરાવવા માટે ત્યારે શોષવું પડે છે, સહેવું પડે છે.

યુરોપના આઈન્સ્ટાઈન, ગેલિલીઓ, શોપનહોર, એશિયાના ક્રાઈસ્ટ કે ગાંધીજી ઉદાહરણ માટે બસ થશે. તેઓનો દોષ માત્ર એટલોજ કે તેઓનું જ્ઞાન સામાન્ય કોટીથી વધી ગયું, જગતની ટુંકી નજરે જે દૃશ્ય ન દેખાયું તે આ ક્રાન્તદર્શીઓ જોઈ શક્યા. સમકાલીનો ને વિરોધીઓને એ વાત ખૂંચી અને તેઓનો રોષ ભભુકી ઊઠ્યો પરંતુ આખરે તો એમનાં વિધાનો જગતને માન્ય રાખવાં પડ્યાં અને ભાવિની પ્રજાને તેઓ ભવ્ય અને અખૂટ વારસો આપી ગયા. આ સિદ્ધિઓનું રહસ્ય વ્યક્તિત્વમાં રહેલું છે.

વ્યક્તિત્વનું ઘડતર ઘણો ભોગ માગી લે છે આપણે આગળ જોઈ ગયા તેમ, વ્યક્તિત્વનો વિકાસ કરવો હોય તો આકરી તપશ્ચર્યામાંથી પસાર થયા વિના છુટકો નથી. આપણે માનેલા ધ્યેયને પંથે જતાં અનેક વિઘ્નો આવશે. ટીકાઓ થશે, એ ધ્યેયમાંથી ચ્યુત થવાના અનેક સંજોગો અને પ્રલોભનો આવશે. તેમાં પળે પળે સાવધાની અને મક્કમતા દાખવવાની રહેશે અને આટલું કરી શકશું તોયે ધ્યેયની આછી રૂપરેખા જ દૃષ્ટિ ગોચર થશે. છતાં નિરાશા કે થાકને બાજુએ મેલી અવિરત ઉત્સાહથી આગેકૂચ ચાલુ રહેશે તો ધ્યેયસિદ્ધિ સંભવિત બનશે. સમાજ ધર્મ, રાજકારણ, સાહિત્ય કે કલા કોઈ પણ ક્ષેત્રમાં જેને કંઈક પણ સિદ્ધિ પ્રાપ્ત કરવાની ઝંખના છે તેને વ્યક્તિત્વના ઘડતર પર ખૂબ ખ્યાલ આપવાનો છે, વ્યક્તિત્વના ઘડતરમાં જેટલી કચાશ તેટલી સિદ્ધિમાં ખામી જણાશે. સમાજને જે વિભૂતિઓ નવું માર્ગદર્શન કરી ગઈ છે અને કરી રહી છે તે બધી વ્યક્તિત્વનાં આ લક્ષણોથી અંકિત છે. સામાન્ય માનવીઓ આવી વ્યક્તિને અતિ માનવ અથવા દેવાંશી ગણવાની ભૂલ કરે છે પરંતુ ખરી રીતે જોતાં તો તેઓએ સંપૂર્ણ મનુષ્યત્વ વિક્સાવવાનો પ્રયત્ન કર્યો છે. આવું વ્યક્તિત્વ દરેક દેશમાં જોવા મળે છે અને જગત વિકાસક્રમમાં આપણે માનતા હોઈએ તો તેમાં તેઓનો ફાળો ન્હાનો સુનો નથી.

**– હરિલાલ પંડ્યા**
**('પ્રકાશ' ડીસેંબર ૧૯૪૬ના અંકમાંથી)**

**ચોથી પુણ્યતિથીએ શ્રદ્ધાજલિ...**



**સ્વ. ઠાકરશી લાલજી શામજી પટેલ** (સાંધવ)

ભૂલી ભુલાતી નથી તા. ૧૦.૪.૨૦૦૯ સમયના વહેતા વહેણ સાથે આજકાલ કરતા ચાર વર્ષ આપની સતત યાદોની સંગાથે વીતી ગયા, આપની સ્મૃતિ અવિરત અમારા હૃદય ગોખલે રહી નયનો ભીંજવે છે. આપની ખોટ આજીવન સાલતી રહેશે. હે પ્રભુ, દિવંગત આત્માને આપજો સદ્‌ગતિ સાથે સત્વરે ભવ ભ્રમણામાંથી મુક્તિ પદની પ્રાપ્તિ એજ પ્રભુ પાસે પ્રાર્થના...

**❋ શોકાતુર ❋**

ધર્મપત્ની : **ગં.સ્વ. વિમલા ઠાકરશી પટેલ**
પુત્રતુલ્ય ભાઈ : **ગોવિંદજી લાલજી પટેલ** અને
પુત્રવધુ : **સૌ. વિજયા ગોવિંદજી પટેલ**
પુત્ર-પુત્રવધુ : **સૌ. પ્રિયા વિપુલ પટેલ**
: **સૌ. ભાવના રાજેશ પટેલ**
પુત્રી-જમાઈ : **સૌ. ભાવના ચંદ્રેશ સોની** (જખૌ)
: **સૌ. ધારીણી ક્રિંકેશ મૈશેરી** (નાની સિંધોડી)
પૌત્ર-પૌત્રી : **નેવિલ, સ્મિત, પલક, પ્રિયાંશી**
દોહીત્રી : **કૃપા, ઈશિતા, વૃષ્ટિ**


**આપની રજાઓનું આયોજન કરો...**
**હોલીડે પ્લાનર્સ**

જ્યુટાઉન, કોચીન-૬૮૨૦૦૨
સંપર્ક : **શ્રી મેહુલ બી. ધરમશી 07736025429 / 08129945429**
E-mail : into@holidayplannersonline.com

**આવો, વરસાદી પિકનીક અને કુદરતના ખોળે નિસર્ગની સંગાથે... એવરગ્રીન કેરાલા... અને દક્ષિણના પેકેજ પ્રવાસો**
**કોચીન, મુન્નાર-ટેકડી, કુમારકોમ હાઉસબોટ, કેવલમ, વાયનાડ, પોવનાર અને આંદામાન**
***ડોમેસ્ટીક અને ઈન્ટરનેશનલ પેકેજ ટુરો ❖ હોટેલ રીઝર્વેશન ❖ કાર-વાહન-યાત્રા ❖ ટિકીટો બુકીંગ વગેરે સુવિધા***

દરેક ટુરમાં સંચાલક ટીમની સંગાથે,
મનભાવન ભોજન વ્યવસ્થા, ભરપુર સાઈટ સીઈંગ

હોલીડે પ્લાનર્સ.... યાદગાર ટુરનું સંભારણું...




## ‘સાધુતાની પછેડી’

‘પ્રકાશ-સમીક્ષા’ ના અંક ૧૧નો તંત્રીલેખ વાંચીને નવાઈ લાગી. બે-ત્રણ વર્ષ પહેલાંના ચાતુર્માસ દરમ્યાન એક મ.સા. પર થયેલ વ્યભિચારના આક્ષેપો અને સાથે-સાથે સોનગઢ ટ્રસ્ટના વહીવટ સંબંધી થોડા પ્રશ્નો ઉદ્‌ભવ્યા હતા ત્યારે પ્રકાશ-સમીક્ષાની ટીમે તટસ્થ રહેવાનો પ્રયત્ન કરેલ.

હવે આટલા સમય પછી પાછા આ મુદ્દો ચગાવનારાઓની ટોળકી પણ વ્યભિચારના આક્ષેપો પુરવાર નથી કરી શકી ત્યારે પ્રકાશ-સમીક્ષાના તંત્રીલેખના ફકરા નં.૪માં એ રીતે છાપેલ છે, જાણે આક્ષેપો તદ્દન સાચા હોય.

ટ્રસ્ટના વહીવટ પર પોતાની પકડ મજબુત રહે તે માટે સાધુ બેલડીએ ટ્રસ્ટ ડીડમાં જડબેસલાક વ્યવસ્થા કરેલ છે, નો આપે ઉલ્લેખ કર્યો અને પછી જૈન શાસન, સાધુની સાધુતા, તેમના આચાર વિગેરે માટે લખ્યું, આ બધા મુદ્દા જ્યારે ચાર ટ્રસ્ટીશ્રીઓને કમી કરવાની કાર્યવાહી ચાલુ થઈ ત્યારે જ કેમ તંત્રીલેખનો વિષય બન્યા?

શું આ ચાર વિદ્વાન, ધર્મ ધુરંધર (બહુશ્રુત શબ્દ નથી વાપરતો) શ્રાવકોને આ બધી કલમો સામે ટ્રસ્ટી બન્યા ત્યારે વાંધો ન હતો? જે હવે તમારા દ્વારા પોતાના પક્ષમાં જનમત ફેરવવા તમારી શરણે આવ્યા છે?

આ ચાર મોભીઓ જેઓ ખુબ ધર્મિષ્ઠ મનાય છે-તો તેમણે આવા ટ્રસ્ટમાં ટ્રસ્ટી બનવાનું કેમ સ્વીકારેલું?

હવે રહી વાત ટ્રસ્ટ ડીડમાં જડબેસલાક કલમોની, જેનાથી આ ટ્રસ્ટ પર સાધુ બેલડીનો વર્ચસ્વ રહે-તો ખ્યાલ રહે ભલે પ્રશ્ન સાધુઓને સાંસારિક પ્રવૃત્તિઓથી દૂર રહેવા શાસ્ત્રોએ ફરમાવેલ પ્રતિબંધનો હોય તો પણ હવેના સંજોગોમાં જ્યારે શ્રાવકો ગચ્છ પ્રત્યે સંપૂર્ણ વફાદાર નથી અને સહેલાઈથી બીજા ગચ્છ પ્રત્યે આકર્ષાય છે ત્યારે એવું લાગે છે કે આ કલમો યોગ્ય જ છે, નહિતર જો બહુમતી ટ્રસ્ટીઓ અથવા તો પૈસાદાર, વગદાર એકાદ ટ્રસ્ટી બીજા ગચ્છ પ્રત્યે આકર્ષાય તો આખું ટ્રસ્ટ એ ગચ્છ તરફી થઈ શકે. (દાખલો તાજો જ છે ‘અનંતનાથ ટ્રસ્ટ’ અને ‘અનંત છાયા’-જ્યાં જ્ઞાતિના બહોળા અભિપ્રાય વિરુદ્ધ અનંતનાથ ટ્રસ્ટે અનંતછાયા વેચી દીધી)

ધર્મગ્રંથ ‘‘શ્રાદ્ધવિધિ’’ અને ‘‘દ્રવ્યસપ્તતિકા’’ ના આધારે કહીએ તો જૈન શાસનનું કાર્ય કરવા માટે, ધર્મક્ષેત્રના સંચાલક, વહીવટદાર આદિરૂપે કોની નિયુક્તિ કરવી વગેરેનો અધિકાર પરમાત્માએ આચાર્યોને આપેલો હતો, પરંતુ એ અધિકાર આજે આચાર્યો પાસે રહ્યો નથી કે રહેવા દીધો નથી, કારણ કે શ્રાવકોમાંથી શ્રમણોપાસકપણું ગયું માટે આમ બન્યું છે. ટ્રસ્ટ એક્ટ આવ્યો, બહુમતિવાદ આવ્યો, ચૂંટણીપ્રથાનું અનિષ્ટ આવ્યું, જમાનાવાદ આવ્યું, ગુરૂનો સંગ છૂટયો, ગુરૂની ઉપાસના ગઈ, ગુરૂની ગરિમાનું જ્ઞાન ગયું.

આજે ટ્રસ્ટી બનવાવાળા એવા પણ ઘણાં મળે કે જેમને ગુરૂવંદન કરતાં પણ આવડતું નથી. પૈસા વધી ગયા, મોભો વધી ગયો, સમાજમાં પાંચ ઓળખવા લાગ્યા, એટલે પૈસાના જોરે કે મોભાના જોરે, કે કોણીના જોરે ટ્રસ્ટી બની ગયા અથવા તો જેમની સાથે તેમના આર્થિક, સામાજિક, રાજકીય વ્યવહારો હતા, સંબંધો હતા, તેમણે તેમને આગળ કર્યા અને આ રીતે ગાદી પચાવી ગયા એનું આ પરિણામ છે.

ટ્રસ્ટી બનવાની યોગ્યતાનો વિચાર જ આજે ક્યાં થાય છે? ટ્રસ્ટી બનનાર કે બનાવનાર બેમાંથી એકને પણ એ ખબર નથી કે ટ્રસ્ટી બનવા માટે કેવા અને કેટલા ગુણો જોઈએ અને એ માટે શ્રી જૈન શાસનની કેવી ઉજળી મર્યાદા છે!

**વડોદરા, ૩.૪.૧૩** **- ચંદ્રેશ પદમશી છેડા**

**હાર્દિક અભિનંદન !!**





**C.S. રોહન મધુકર રાયચંદ મોતા** (ઉ.વ. ૨૫)

BMS. MBA. M.Com., C.S.

**ચિ. રોહન** C.S. (Professional Programme) ની પરીક્ષામાં ફેબ્રુઆરી’૧૩માં ઉત્તીર્ણ થઈ અમારા પરિવારનું ગૌરવ વધાર્યુ છે. તેના ઉજ્જવલ ભવિષ્ય તથા ઉત્તરોત્તર પ્રગતિ માટે અમારા અંતરના આશિષ અને શુભકામના...

**❀ શુભ આશિષ ❀**

દાદાણાં : **માતુશ્રી નવલબાઈ રાયચંદ મોતા પરિવાર** (કોઠારા)
નાનાણાં : **માતુશ્રી હીરાબાઈ માણેકજી લોડાયા પરિવાર** (સાંયરા)

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## રાહુલ છેડા AIMSમાં પ્રથમ

ચિ. રાહુલ રાકેશ છેડા (હુબલી) ધો. ૫. સતત ત્રીજીવાર ઓલ ઈન્ડીયા મેથ્સ સાયન્સ ટેલેન્ટમાં વર્ષ ૨૦૧૨-૧૩માં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થઈ. પરિવાર, ગામ અને જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. ચિ. રાહુલ ૯૯.૯૫% મેળવી શાળામાં પ્રથમ અને ઓલ ઈન્ડીયા સ્તરે ચોથા ક્રમાંકે આવ્યો છે. આ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન.

## નાંદેડ

વિરાર કરતાં પુ.સા. અમીરસાશ્રીજી તથા પુ. સાધ્વી અમીવર્ષાશ્રીજી નાંદેડ પધાર્યા. ફાગણી તેરસ નિમિત્તે છ'ગાઉની સિધ્ધાચલ યાત્રા પ્રસંગે ભાવયાત્રા યોજાયેલ. ભાવયાત્રાના સંઘપતીનો લાભ શા. લક્ષ્મીચંદ શામજી લાપસીયા પરિવારે લીધેલ. નગરશેઠ બનવાનો લાભ શા. સુરેશ લક્ષ્મીચંદ શાહ પરિવારે લીધેલ. લગભગ ૧ાા કલાક પોતાની ભાવવાહી રસપ્રદ શૈલીમાં પૂજ્યશ્રીએ લગભગ ૧૫૦ જણાંના સંઘને ભાવયાત્રા કરાવી. કુલ્લે રૂા. ૪૦નું સંઘપુજન થયેલ. પુનમના વ્યાખ્યાન માટે હોળી ન રમવા પ્રેરણા અપાઈ.

## શ્રી સુમતિનાથ સ્નાત્ર મહિલા મંડળ-રાયચુર

મંડળની વાર્ષિક સા. સભા ૧૫.૩.૧૩ના દેરાસરના હૉલમાં મળેલ. તેમાં આગામી ત્રણ વર્ષ માટે નીચે પ્રમાણે પદાધિકારીઓ ચૂંટાયા.

પ્રમુખ : સૌ. ગુણવંતીબેન કુંવરજી મોમાયા, ઉપપ્રમુખ : સૌ. સંગીતાબેન છાજેડ. મંત્રી : સૌ. વીણાબેન કોઠારી, સહમંત્રી : સૌ. સુશીલાબેન ચોરડીયા, ખજાનચીઃ સૌ. રેખાબેન ચોરડીયા, સહ-ખજાનચી : સૌ. પુષ્પાબેન મુથા, સલાહકાર : સૌ. કમલાબેન શ્રી શ્રીમાલ.

## ભાંડુપમાં ક્ષેત્રપાળ દાદાની સમુહ પહેડી

અનંતસિદ્ધિ કંપાઉન્ડમાં બીરાજીત ક્ષેત્રપાળદાદાની વાર્ષિક પહેડીની ઉજવણી જ્ઞાતિજનોએ ઉલ્લાસે કરી. ઢોલ-શરણાઈના સૂરે બાલક-બાલિકાઓએ નૈવેધ શ્રીફળ, હાર, પ્રસાદના શણગારેલા થાળ સાથે ધરી કંપાઉન્ડમાં પ્રદક્ષિણા આપી. મહાજનશ્રીના મંત્રી શ્રી ચેતનભાઈ મોતા અને શ્રી કુમારભાઈ દંડ આદી મહાનુભાવોના હાથે પ્રસાદ થાળ ધરાવવામાં આવ્યા. ભલારાદાદાના ભૂવાશ્રી દિનેશભાઈ દંડ તથા ક્ષેત્રપાળદાદાના શ્રી મહેશભાઈ દંડે પહેડીવિધિ કરાવી. શ્રી કિરીટભાઈ લોડાયાએ ભાવથી ક્ષેત્રપાળ દાદા આંજી ઉતારી આરતી ગાઈ-ગવડાવી. યોગેશ પટેલ, વિનય લોડાયા ફાલ્ગુન ખોના, વિપુલ પોલડીયા, ચીમન નાગડા આદી સંખ્યાબંધ યુવા કાર્યકરોએ ભક્તિભાવના કરાવી. ૫૦૦ ભાવિકોએ પહેડી પ્રસાદનો લાભ આપી ફંડ ફાળો પણ લખાવ્યો.

શ્રી અનંતનાથ ટ્રસ્ટે ક્ષેત્રપાળના સ્થાનને રંગરોગાણ કરાવી રળીયામણું બનાવ્યું છે. સર્વે જ્ઞાતિજનોને દર્શનાર્થે પધારવા વિનંતી છે.

## દાદાશ્રી કલ્યાણસાગર સુરી. પાઠશાળા-ભાંડુપ

છેલ્લા ૪૫ વરસથી શ્રી ક.દ.ઓ. જૈન સંઘ સંચાલીત દાદાશ્રી કલ્યાણસાગરસુરી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના માધ્યમે ધાર્મિક પરીક્ષાઓ આપી, ઉત્તીર્ણ થઈ, આકર્ષક સર્ટીફિકેટ અને ઈનામો મેળવ્યા. પંચ પ્રતિક્રમણ સૂત્ર-શ્રી વૈભવ મનોજ લોડાયા, વીણાબેન વિનોદ પોલડીયા, અને લક્ષ્મીબેન વેલજી ધરમશી, બે પ્રતિક્રમણ-કુ. મીતલ મધુકાંત લોડાયા અને ચૈત્યવંદન વિધી કંઠસ્થ અભિયાનમાં ક્રિશા સચીન દંડ, ધરમ અભય લાલકા, વિરતી મેહુલ લોડાયા, જિનાંગી પારસ મૈશેરી, સામાયિક વિધિમાં સંયમ કેતુલ લોડાયા અને રિધ્ધિ છેડા, શ્રી અનંતનાથ ટ્રસ્ટની આર્થિક સહાય મેળવતી આ પાઠશાળાના ૧૮ વિદ્યાર્થીઓ સંયમના પંથે વિચરી રહ્યા છે. અત્યારે પારૂલ જતીન દેઢીયા પાઠશાળાના શિક્ષિકા છે.

## ભાંડુપમાં ફાગણી તેરસની ઉજવણી

પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા. અને હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદીનાથદાદા દરબારે પધારતાં


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

વ્યાખ્યાનમાળા યોજાઈ. પ્રભાવક વ્યાખ્યાને સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. અઈમુત્તા મુનીની દરિયાવહીની ચાર કલાક સમજ આપી. નમી-વિનમી આદી બે કરોડ મુનીવરો સિદ્ધાચલે મોક્ષે સિદ્ધાવ્યા તેનું વર્ણન કરતાં સૌ ભાવુક બન્યા. ફા.સુ. ૧૩ના શ્રી ક.વી.ઓ. અચલગચ્છના ઉપાશ્રયે તળેટીથી નવટુંક સુધીની ભાવયાત્રા કરાવી. બંનેય સંઘના શ્રાવકો "શેત્રુંજે જઈએ ને પાવન થઈએ" જેવા પખાવાજના ગીતો ગાતાં વગાડતાં આદેશ્વરદાદા દરબારે પધાર્યા. દર્શન વંદન કરાવી પૂ.સા. ભગવંતે પછીની પરિક્રમાએ બારીમાંથી નીકળી ચિલ્લણ તલાવડી, સિદ્ધવડ... ભાડવાનો ડુંગર વગેરેની રનીંગ કોમેન્ટરીએ ફાગણી તેરસની આરાધના કરાવતાં ઘર-ઘર આનંદ છવાયો. આદી-અનંત ઉપાશ્રય ટૂંકો પડ્યો! જન સમુદાયને પૂજ્યશ્રીએ સમજની સાંકળે સતત ચાર કલાક બાંધી રાખ્યા.

સવારની પ્રથમ પૂજાનો લાભ શ્રી મનોજ દામજી લોડાયાએ લીધોલ. આરતી-મંગળ દિવો શ્રી કાંતિલાલ દામજી મોતા પરિવારે ઉછળતા આદેશે લઈને ઉતારી. દાદાના જિનાલયને પ્રદક્ષિણા દઈ સૌએ ચૈત્યવંદન કર્યું. બે પરિવારોએ પ્રભાવના કરી. શ્રી સંઘના પાલમાં વરીયાળીના મીઠા જલે સ્વાગત કરાયું.

શ્રી ક.દ.ઓ. જૈન સંઘે વરસી તપારાધકો કુ. હર્ષા કાનજી દંડ, કુ. હિરલ મણીલાલ ખોના, માતુશ્રી હિરાબેન મેઘજી સોની, હંસાબેન દેવજી છેડા અને રતનબેન તિલકચંદ મૈશેરીની અનુમોદના કરી ગૌરવ કરાયું. યાત્રાની પૂર્ણાહૂતિએ માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા તથા માતુશ્રી રતનબેન ખીમજી ગડાએ સેવ-બુંદીનું ભાથું પીરસ્યું. ઉછળતા ભાવોથી ભાવુક થઈ આવતા વરસની ફાગણી તેરસના શ્રી ફાઈવ સ્ટાર કેટરીંગ અને માતુશ્રી હીરબાઈ ભવાનજી હરિયાએ સકળ સંઘની સ્વામીભક્તિના ભાવ પ્રગટ કર્યા. જેને સૌએ તાળીઓથી વધાવ્યા. કાર્યક્રમનું સંચાલન શ્રી લહેરચંદ વેલજી મૈશેરીએ સંભાળ્યું.

## કોચીનમાં સર્વ ધર્મ સંમેલન-૨૦૧૩

કોચીનમાં કલ્લૂર રીન્યુવલ સેન્ટરમાં વર્લ્ડ ફીલોસોફી ઓફ ઈન્ટર રીલીજન કાઉન્સીલ આયોજીત ૧૫.૧૨.૧૨થી ત્રીદિવસીય સંમેલન યોજાયું. સર્વ ધર્મ પ્રાર્થનામાં સર્વે ધર્મોના પ્રતિનિધિઓએ હાજરી આપી. જૈન ધર્મના શ્રી નવકાર મહામંત્રના ઉચ્ચાર સાથે અર્થ સહિત સમજાવીને દીપ પ્રગટાવીને ઉદ્‌ઘાટનમાં શ્રી મુકેશ માણેકજી લોડાયાએ પ્રતિનિધિત્વ કરેલ. સંમ્મેલનનું ઉદ્‌ઘાટન કરતા બીશપ શ્રી કરદીનાલ માર જ્યોર્જ, આલનચેરી એ જણાવ્યું કે સર્વે ધર્મોમાં માનવસેવાનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. માટે માનવસેવા માટે સર્વે ધર્મોના પદાધિકારીઓ તથા પ્રતિનિધીઓએ સાથે મળીને કાર્ય કરવા પર મહત્ત્વ આપવું જોઈએ.

આ સંમેલનમાં પારસી, યહૂદી, શિખ, ઈસાઈ, હિંદુ, જૈન, બૌધ્ધ, ઈસ્લામ આદિ સર્વે ધર્મોના પ્રતિનિધિઓ તથા વિદેશી મહેમાનો એ જસ્ટીસ શ્રી પી.કે. સમસુદીનના પ્રમુખપદે પી.એસ.સી. ચેરમેન ડૉ. કે. એસ. રાધાકૃષ્ણન્, પ્રો.ડૉ. હુસૈન મડવૂર. ફાધર આલબર્ટ નમીયા પહમ્બીલ, ફાધર રોજી કન્નજરા, મેહર માસ્તર મૂસ, બેની આઈસેક, શ્રી રાહુલ સુમન ચૌરા, મુકેશ માણેકજી લોડાયા, સ્વામી સદા શિવનંદા, પ્રો. એન.આર. મેનન વગેરેએ ભાગ લઈ સર્વે પોતાના ધર્મની મંત્રગાથા ગાઈને વિશ્વ શાંતિ માટે પ્રાર્થના કરેલ.

અત્રે ૧૯-૨૦ ફેબ્રુઆરી ૧૩ જડબેસલાક મારકેટ બંધના કારણે નાની-નાની હોટલો પણ બંધ હોવાથી એ બે દિવસ જૈન ફાઉન્ડેશન વતી શ્રી મુકેશ માણેકજી લોડાયા દ્વારા કોચીનમાં નિરાધાર-નિરાશ્રિત અને મજુર-ગરીબ, ફૂટપાથ ઉપર રહેતા અપંગ તથા વૃદ્ધ ભિક્ષુકોને પ્રેમથી જમણ પીરસવામાં આવ્યું. શ્રી સતીશ દંડ, શ્રી નયન સાકરચંદ, શ્રી ચેતન ઝવેરી આદિ વિતરણ કાર્યમાં મદદરૂપ થયાં.

## સખીવૃન્દ-પૂના

વૃંદની માર્ચની બેઠક હીનાબેન રતાણીના ઘરે યોજાયેલ. તેમણે ઘરની સજાવટ વિશ્વ મહિલાદિન તેમજ હોળીના તહેવારને અનુલક્ષીને કરેલ. રંગોળી પૂરી હતી તેમજ હોળી રમવા ફુગ્ગા, રંગ તેમજ પીચકારી પણ રાખેલ. દરેક સભ્યને તિલક કરી આવકાર્યા.

નવકારમંત્ર પઠનબાદ મીટીંગની શરૂઆત થઈ. 'વર્તણૂંકની રીતભાત' વિષે નિષ્ણાંત ડૉ. રૂપા પેઠેએ માર્ગદર્શન કરેલ. જેઓ યુ.કે. ની જાણીતી સોફ્ટ સ્કીલ



ABDASA (KACHCHH) GAUSHALA TRUST


**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

કોલાબ્રેશનના ક્લીનીકલ રીસર્ચમાં પૂના ખાતે કામ કરે છે. તેમણે વિષય પર વિસ્તારપૂર્વક છણાવટ કરી. પ્રથમ એક રમત રમાડી સભ્યોને મુખ્ય મુદ્દાપર ધ્યાનાકર્ષિત કર્યા. એમના મંતવ્ય મુજબ દરેક વ્યક્તિના કુદરતી અને કેળવેલ એમ બે પ્રકારના સ્વભાવ હોય છે.

વ્યક્તિના કુદરતી સ્વભાવની ઓળખ માટે એક લેખીત પથદર્શિકા આપી. ડૉ. પેઠેના કહેવા મુજબ વ્યક્તિના કુદરતી સ્વભાવ ચાર પ્રકારના હોય છે. જેની સરખામણી પશુના પ્રકૃતિના લક્ષણો સાથે કરી (૧) ઘોડો (૨) વાંદરો (૩) સિંહ (૪) ઘુવડ. ઘોડાની પ્રકૃતિવાળી વ્યક્તિ શાંત અને વિચારશીલ હોય છે. વાંદરાની પ્રકૃતિવાળી વ્યક્તિ દરેક પરિસ્થિતિમાં દ્વિધા અનુભવે છે. જ્યારે સિંહની પ્રકૃતિવાળી વ્યક્તિ કઠોરપણ નેતૃત્વ ધરાવતી હોય છે. ઘુવડ પ્રકૃતિવાળી વ્યક્તિ વધુ પડતી ચોક્સાઈવાળી હોય છે. સામાન્યતઃ દરેક વ્યક્તિમાં આ બધા લક્ષણોનું મિશ્રણ હોય છે. દરેકે કોઈપણ સંજોગોમાં વિવેકબુદ્ધિપૂર્વક વર્તન કરવું જોઈએ.

આ બધા ગુણ વિશે તેમણે સરસ અને સરળ રીતે દાખલા સાથે સમજ આપી. એમની શૈલી તથા વાક્છટા વિશેષ હતા. રમૂજ સાથે વાર્તાલાપરસિક રહ્યો. શ્રોતા સમયનું ભાન ભૂલી ઓતપ્રોત થઈ ગયા. સભ્યોના સવાલના જવાબરૂપે હસ્તધૂનન કેમ કરાય, આભાર કેમ માનવો, ટીકા-ટીપ્પણી કેમ કરવી તેમજ ઉઠવા-બેસવાની રીત વિશે સમજ આપી. ટૂંકમાં સમજદારીપૂર્વકની જીવનશૈલીથી સુખશાંતિ પ્રાપ્ત થાય છે એ વાત પર ભાર મુક્યો.

હીનાબેને આ રસિક વિષય પસંદ કરી મીટીંગનું આયોજન કરેલ. એમાં દરેક ઉંમરની બહેનોને કંઈક અલગ, વિશેષ માહિતી તેમજ ગમ્મત સાથે જ્ઞાન મળ્યું. સમય સાથે કદમ મિલાવવા ઉપયોગી થશે.

અંતે સર્વેએ વિશ્વમહિલાદિન તેમજ હોળીની હર્ષોલ્લાસ સાથે ગુલાલ છાંટી ઉજવણી કરી આનંદ માણ્યો.

## ધુલ્લા પરિવારની ઓશીયાજી યાત્રા

ધુલ્લા પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ મતાજીની ૩૦મી સમુહ પહેડી એમના મુળ સ્થાનક ઓશીયાજી (રાજસ્થાન) માં ૨ માર્ચ ૧૩ના સંપન્ન થઈ.

મુંબઈથી ઓશીયાજી વાયા જોધપુર માતાજીના મુળ સ્થાનકે પહોંચવા આયોજકોએ ભાવિકો માટે પ્રથમવાર ટ્રેન યાત્રા ગોઠવી. આ પ્રસંગે કેટલાક ભાવિકો વડોદરા, અમદાવાદ અને મહેસાણાથી જોડાયા.

વહેલી સવારે જોધપુર ઉતરી ચા-પાણી કરી. બસથી ઓશીયાજી પહોંચ્યા. અત્રે ઉતારાની સુંદર વ્યવસ્થા કરાઈ હતી અને સવારે નવકારશીનો લાભ લઈ સેવાપુજા, ભક્તિભાવના કર્યાબાદ પૂજ્ય માના દરબારમાં જવા વાજતે ગાજતે ધુલ્લા પરિવારના સર્વે સંઘરૂપે માના સ્થાનકે પહોંચ્યા.

પૂ. સચ્ચાઈમાંને ભાવિકોએ એક હસ્તે પહેડી નૈવેધ અર્પણ કર્યા અને રંગમંડપમાં માતાજીની ભક્તિ કરી ઓશીયા નિવાસીઓને ધુલ્લા પરિવારની હાજરીનો એહસાસ કરાવ્યો. પૂ. ભૂઈમા સૌ. હીરાવંતી દૌલતના અમેરીકાથી ફોન ઉપર આશિર્વચન આવેલ.

નૈવેધ પહેડી પધરાવી સર્વે ભાવિકો સાધર્મિક ભક્તિનો લાભ લેવા ઉતારે પધાર્યા.

પરિવારના સ્વ. શ્રી કરમશી ખેતશી ધુલ્લાને આત્મશ્રેયાર્થે પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પી.

બપોરે ચા-પાણી લઈ જોધપૂર થઈ સાંજે ટ્રેન દ્વારા મુંબઈ તરફ પ્રયાણ કર્યું. મહેસાણા, અમદાવાદ-વડોદરાના જોડાયેલા પરિવારો તેમના સ્થાને ઉતર્યા. પ્રવાસ દરમ્યાન ચા-પાણી નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલ.

ધુલ્લા પરિવારના દાતાશ્રી મણીકાંત હીરજી ધુલ્લા (જખૌ-મુલુંડ) અને શ્રી નવીન નારાણજી જૈન (બાયઠ-મુલુંડ) નું ઉદાર સહયોગ મળેલ.

પ્રવાસ વ્યવસ્થા જયપ્રિત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના જયંતીભાઈ મૈશેરીના સંગાથે સૌના સહકારે સફળ રહી.

## બડગરામાં ધ્વજા મહોત્સવ

બડગરા દેરાસરની ૧૪મી વર્ષગાંઠ ઉમંગથી ઉજવાઈ. ૧૫મી ધ્વજા નિમિત્તે ૧૫.૩.૧૩ના મહાકાળીની ભાવના ૧૬.૩.૧૩ના ૧૭ ભેદી પુજા અને ધ્વજારોહણ થયેલ. રાત્રે ભાવના હતી. ૧૭.૩.૧૩ના ૧૮ અભિષેક કરવામાં આવેલ. વિધિવિધાન માટે જય જિનાલય આરાધક મંડળના શ્રી ભરત બોરીચા પધારેલ. સંઘે ઉત્સાહથી ભાગ લીધેલ.


**શુભેચ્છા સહ...**
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

**બ્યુટીપાર્લર-મુલુંડ:** ફક્ત બહેનો માટે ગોલ્ડ બ્લીચ(FBN), ગોલ્ડ સ્પે. ફેસીયલ, મેનીક્યોર, પેડીક્યોર, સ્પે. ઓઈલ હેર મસાજ, હેર મહેંદી પેક, હાથ-પગનું વેક્સીંગ વગેરે. બ્યુટીપાર્લર સર્વિસ માટે સંપર્ક : **9892280499/ 9022159022**
સ્પે. ડિલક્સ પેકેજ રૂા. ૧૦૦૦/સ્પે. ૬ ડીલક્સ પેકેજ રૂા. ૩૦૦૦

## સૌ. મૃદુલા દંડ રોટરી ડીસ્ટ્રીક્ટના ચેરપર્સન ચુંટાયા

સૌ. મૃદુલા હીરાચંદ દંડ (મંજલ-અંધેરી) રોટરી ઈનર વ્હીલ ડીસ્ટ્રીક્ટ ૯મુંબઈ શહેર, પરાં અને આસપાસના



વિસ્તાર)ના ૧૬.૩.૧૩નાં ચેરપર્સન ચુંટાયા છે. રોટરી ક્લબમાં આ પ્રતિષ્ઠિત પદ પર પહોંચનારા તેઓ પ્રથમ કચ્છી મહિલા છે. તેઓ ૧ જુલાઈ ૧૩નાં સમારોહમાં આ પદ ગ્રહણ કરશે. આ ગૌરવપ્રદ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન.

## પાલીતાણામાં સિદ્ધચક્ર પુજન

શ્રી મુલુંડ પ્રવાસી મિત્રમંડળની પાલીતાણઆ તીર્થની છ'ગાઉ યાત્રાના ૨૫ વર્ષ પુર્ણ થયા તે રજતવર્ષ નિમિત્તે શેઠશ્રા કેશવજી નાયક ધર્મશાળામાં શાશ્વતા ચૌમુખજીના જિનાલયે પૂ.અચલગચ્છાધિપતિશ્રી આ.ઠા.ની નિશ્રામાં ચતુર્વિધ સંઘની સૌભાગ્ય હાજરીમાં શ્રીસિદ્ધચક્ર મહાપૂજન ભણાવવામાં આવેલ. સકળ સંઘે પૂજનમાં લાભ લીધેલ.

## શ્રી અજિત સ્નાત્ર મહિલા મંડળ-હુબલી

મંડળ દ્વારા ફાગણીતેરસની સુંદર ઉજવણી થઈ. અજિતનાથ દેરાસરો બહોળી હાજરીમાં ભાવિકોએ મળી સુંદર આરાધના કરી. સવાર ૯.૩૦ ક. સ્નાત્રપુજા ભણાવાઈ. સ્નાત્રબાદ શ્રીમતી ઈંદુબેન પટેલ તરફથી શેત્રુંજયની ભાવયાત્રા ભક્તિપૂર્વક થઈ. મહિલામંડળ અને પુજા ગ્રુપના યુવાઓએ ભાવયાત્રામાં અનેરો અનુભવ કરી હર્ષથઈ પુલકિત થયા.

આ પછી ગીતાબેન છેડા તથા ચેતનાબેન નરેન્દ્ર મોમાયાએ જ્ઞાન-મનોરંજનની રમત રમાડી. જેમાં ઘણી બહેનોએ ભાગ લીધેલ. વિજેતાઓને ઈનામ અપાયા.

ત્રિશલા ગ્રુપ તરફથી શરબત તથા મીનાબેન સૂર્યકાંત મૈશેરી તરફથી સૌને ભાતું અપાયેલ. દેરાસર ભક્તિભાવના કરી ૧૨ વાગે ત્રિશલા ગ્રુપ તરફથી પ્રિતીભોજન રાખવામાં આવેલ.

## ગોએરસમા-બારોઈ જિનાલયનો ધ્વજા મહોત્સવ

પૂ.સા. શ્રી જીતગુણાશ્રીજી મ.સા. અને પૂ.સા.શ્રી. ચિંતનગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં લગભગ ૧૪૦ જણાંની હાજરીમાં બન્ને ગામમાં ૨૭.૩.૧૩ના અઢાર અભિષેક અને ૨૮.૩.૧૩ના ધ્વજા મહોત્સવ શ્રી હેમંત ગુટકાના સંગીતમઢ્યા કંઠે ધામધુમથી ઉજવાયો. ગોએરસમા જિનાલયનો ધ્વજારોહણનો લાભ ૮૧૦૦ મણમાં શ્રી અશોક લાલજી પોલડીયા પરિવાર (જલગામ) અને બારોઈ જિનાલયના કાયમી ધ્વજારોહણના લાભાર્થી શ્રી કાંતિલાલ ખીમજી ગોસર પરિવાર (મુંબઈ) હતા. બન્ને દિવસના ચડાવાનો અને જીવદયા ફંડનો સૌએ ઉમળકાભેર લાભ લીધેલ.

પ્રમુખશ્રી પિયુષ ચંદુલાલ ડાઘાએ સ્વ. ચિમનલાલ દામજી મોમાયાની સામાજીક યોગદાન સેવાઓ અને માર્ગદર્શનને યાદ કરાવી પરિવારને સાંત્વના આપી સંઘવતી ભાવભીની શ્રદ્ધાંજલી આપી.

સંપુર્ણ અવસરના દાતાશ્રીઓ સર્વશ્રી દેવશી કચરા ડાઘા પરિવાર, શ્રી ઠાકરશી રણશી ગોસર પરિવાર, શ્રી દામજી શામજી પોલડીયા પરિવાર, શ્રી કાંતિલાલ ખીમજી ગોસર પરિવાર, શ્રી ચિમનલાલ દામજી મોમાયા પરિવાર, શ્રી ધનપતિ કુંવરજી મોમાયા પરિવાર, શ્રી વાલજી દામજી ગોસર પરિવાર, શ્રી શ્રેણીક નરશી મોમાયા પરિવાર અને સહયોગી દાતાઓ સર્વશ્રી મુલજી દેવજી લોડાયા પરિવાર અને શ્રી અશોક લાલજી પોલડીયા પરિવારે લાભ લીધેલ.

## સાંયરા

અત્રે સમાજસેવી કાર્યકર શ્રી માણેકજી શામજી મોમાયા (ઉં.વ.૬૯)નું ૧૬.૩.૧૩ના અવસાન થયેલ. એમની વિદાયથી ગામને ભારે ખોટ ગયેલ, તા. ૨૧.૩ના તેમની પ્રાર્થનાસભા યોજાઈ હતી જેમાં બહોળી સંખ્યામાં ગામવાસીઓ હાજર રહેલ.

તા. ૨૪.૩.૧૩ના ફાગણી તેરસના આદિનાથદાદાની છ'ગાઉ ભાવયાત્રા પુ.સા.શ્રી. કોમલપ્રભાશ્રીજી તથા પૂ.સા. મૈત્રીકલાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ભાવપુર્વક સંપન્ન થઈ. સારી સંખ્યામાં ભાવિકોએ ભાગ લીધેલ. બપોરે મા. વાલબાઈ દામજી ધ્રોળ પરિવાર તરફથી સ્વામીવાત્સલ્ય જમણ હતું. રૂા.૧૦નું તેમણે સંઘપુજન કર્યું. તા. ૨૫.૨.૧૩નાં કુ. શીવાની રાજેશ ગોસર તરફથી મહાકાળીમાની ભાવના હતી.


**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ, વડોદરા માટે સંસ્થાની મિલકતોની દેખરેખ-જાળવણી તથા હિસાબ-કિતાબ સંભાળી શકે અને વડોદરા સ્થાયી થઇ શકે તેવા જવાબદાર - ઉત્સાહી માણસની તાત્કાલીક ધોરણે જરૂરત છે. કોમ્પ્યુટરની જાણકારી હોય તો ઇચ્છનીય. અપેક્ષિત પગાર તથા અનુભવની માહિતિ સાથે અરજી કરો.**

**સંપર્ક : રતીલાલ કાનજી ધુલ્લા,** (માનદ્‌મંત્રીશ્રી)

**મો: ૦૯૩૨૭૨૦૨૬૦૨**

તા. ૨૬.૩.૧૩ના મા ગંગાબાઈ લીલાધર મોમાયા પરિવાર તરફથી સ્વામીવાત્સલ્ય જમણ હતું. રૂા.૫નું સંઘપુજન થયેલ. પુનમનાં ભાવિકો દર્શનાર્થે પધારે છે.

## શ્રી જૈન શ્વેતાંબર દેરાસર-ખિરકિયા

અત્રે જિનાલયની ૧૧મી વર્ષગાંઠ નિમિત્તે તા. ૮.૩.૧૩ના અઢાર અભિષેક રાખવામાં આવેલ. અભિષેક દરમ્યાન ચંદ્રદર્શનનો લાભ શ્રી નગીનચંદ્રજી ભંડારી પરિવારે, સૂર્યદર્શનનો લાભ શ્રી મણીલાલભાઈ નાગડા પરિવારે, શાંતિકળશનો લાભ શ્રી ભવાનજી વેરશી નાગડા પરિવારે લીધેલ. રાત્રે ભક્તિ ભાવના રાખવામાં આવેલ.

તા. ૯.૩.૧૩ના સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ. પૂજા દરમ્યાન ધ્વજા ચડાવવાનો લાભ ચિ. ધર્મય ડાયમંડ અશોક દંડ પરિવાર (વડાલા) એ લીધેલ. સૌ. હેમલતાબેન તથા અશોકભાઈએ ખૂબજ હર્ષોલ્લાસથી ધ્વજા ચડાવી. ધ્વજાનો ચડાવો ૧૧૧૧૧ મણમાં લાભ લેવાયેલ. મલકાપુરથી વિધિકાર શ્રી રાજુભાઈ (મલકાપુર) તથા તેમની સંગીત પાર્ટી પધારેલ.

બન્ને દિવસ નમિનાથદાદાની સુંદર અંગ રચના નાગડાપરિવારના બાળકોએ કરી. જિનાલયને સુંદર રીતે શણગારેલ.

શ્રી સંઘ તરફથી સ્વામી ભક્તિ રાખવામાં આવેલ. આ અવસરે શ્રાવક-શ્રાવિકાઓ તથા બાળકોએ બધા કાર્યક્રમોમાં ઉત્સાહથી ભાગ લીધેલ.

## ભલારાદાદાની સમુહ પહેડી ઘાટકોપરમાં

શ્રી ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુરના ઉપક્રમે ૨૫મી સમુહ પહેડી તા. ૧૧.૪.૧૩ના સાંજે ૪ વાગે હવે પોલીસ ફુટબોલ ગ્રાઉન્ડ, વલ્લભબાગ લેન એક્ષ. ઘાટકોપર(ઈ)માં યોજાઈ છે. સર્વે ભાવિકોને પધારવા આમંત્રણ છે.

જ્ઞાતિના ૮મા વસતીપત્રક ઓનલાઈન વેબસાઈટનું ડેમો, ભલારાદાદાના વિવિધ સ્થાનકોની ઝલકની સીડી, તેમના જીવનકવનનું પુસ્તક વિમોચન આદિ કાર્યક્રમો રહેશે.

શ્રી કિશોર મનરાજા અને શ્રી હંસકુમાર મૈશેરી અને કલાકારો દાદાની ભક્તિભાવના કરાવશે. આ પહેડીનો લાભ મા. કુંવરબાઈ વીશનજી મોતા પરિવાર અને મા. લીલાવતી લક્ષ્મીચંદ લોડાયા પરિવારે (સુથરી)એ લીધેલ છે.

દાદાના લાલપુર સ્થાનકે તા. ૨૩થી ૨૫ એપ્રિલ'૧૩ દરમ્યાન ત્રાન્હિક ધ્વજા મહોત્સવ છે. એ પ્રસંગે સર્વે ભાવિકોને પધારવા આમંત્રણ છે.

## અરીહંત બેંકની સ્પે. જનરલ સભા

શ્રી અરિહંત કો.ઓપ. બેંકના શેરધારકોની, સ્પે. જનરલ સભા તા. ૧૩.૪.૧૩ના ૩ વાગે શેઠ નરશી નાથા એસી બેંક્વેટ હોલમાં એકત્ર મળશે. જેમાં પ્રાયમરી અર્બન કો.ઓપ. બેંકના મોડેલ બાયલોઝની બહાલી સુધારા ખરડા-૨૦૧૩ અને વર્ષ ૨૦૧૨-૧૩ માટે સ્ટેટરી ઓડીટર્સની નિમણુંક કરાશે.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ

મંડળ દ્વારા શ્રી મહાકાળી માતાજીની ભાવના ૧૪.૩.૧૩ના રાતે ૯ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રહેશે. જેનો લાભ શ્રી હીરેન શામજી કરમશી નાગડા પરિવાર (જખૌ) લીધેલ છે.

આગામી ભાવના તા. ૧૨.૫.૧૩ના છે. જેનો લાભ શ્રી ગોવિંદજી લાલજી પટેલ પરિવાર (સાંધવ) તરફથી છે.

## પંચગીનીમાં રાજલક્ષ્મી આરોગ્યધામ

હવામથક મંચગીની (મહાબળેશ્વર)માં જૈનો માટે રાહતદરે 'રાજલક્ષ્મી આરોગ્યધામ' શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા પરિવાર (લાખણીયા) પ્રેરીત સુવિધાજનક આરોગ્યધામ નિર્માણ થયેલ છે. પૂ.યતિશ્રી મોતીસાગરજી મહારાજ દ્વારા શાંતિસ્નાત્ર અનુષ્ઠાન સાથે શાસ્ત્રોક્તવિધિ તા. ૧૫.૪.૧૩ના સમાજઅગ્રણીઓની ઉપસ્થિતિમાં શુભારંભ થશે.

સ્થળ : પ્લોટ ૪૭૧, પુના-મહાબળેશ્વર રોડ, કિમી સ્કુલ સામે, પંચગીની, મુંબઈ સંપર્ક : શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા, કલકત્તાવાળા બિલ્ડીંગ, ૧૩૭/૪૧ સેમ્યુઅલ સ્ટ્રીટ, મસ્જીદબંદર, મુંબઈ-૯ ફોન : ૨૩૪૭૫૬૧૧/૯૮૨૦૫૩૧૬૧૬ સમસ્ત જૈનો માટે આ સુવિધાજનક વ્યવસ્થા ઉપયોગી બની રહેશે.

## મુંબઈમાં સમુહ વરસીતપ પારણા

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘના ઉપક્રમે પૂ.આ. શ્રી ગુણસાગરસુરીજીના જન્મ શતાબ્દિ વર્ષે બૃહદ મુંબઈમાં થયેલ ૧૨૫૦ વર્ષીતપ આરાધકોના સમુહ પારણા રવિ. તા. ૧૨.૫.૧૩નાં (અક્ષયતૃતીયા) બોમ્બે કન્વેંટેશન અને પ્રદર્શન સેન્ટર, યુટીલાઈઝ હોલ નં. ૫-૬ વેસ્ટર્ન એક્સપ્રેસ હાયવે ગોરેગામ (ઈ) માં રાખવામાં આવેલ છે. વિશાળ સંખ્યામાં તપસ્વીઓ અને સંઘના ભાવિકો આ પ્રસંગે પધારશે. જેમને પણ પારણાના દાતા બનવાનો લાભ લેવાની ભાવના હોય તેમણે સંપર્ક કરવા જણાવાયુ છે. સંપર્ક : ૯૩૨૦૦૫૬૫૭૪/૨૪૦૨૯૭૯૭ પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજીએ તપસ્વી પારણાંમાં ઉદાર સહયોગ લાભ માટે અપીલ કરી છે. તા. ૧૨.૪.૧૩ના માટુંગા સંઘની શેઠ નારાણજી શામજી વાડીમાં બપોરે ૨ વાગ્યાથી તપસ્વીઓના અતરપારણાં છે.

## ક.દ.ઓ. જૈન મહિલામંચ-નાગપુર

અત્રે ૮.૩.૧૩ના 'મહિલા દિવસ' નિમિત્તે કમલાતાઈ હોસ્પેટ સ્ત્રીસહાય મહિલામંચ દ્વારા કાર્યક્રમ યોજવામાં આવેલ. આ મહિલામંચમાં સૌ. સરલા વિકમશી સહસચિવ તરીકે કાર્યરત છે. આ કાર્યક્રમમાં નાગપુરના સર્વે મહિલા મંચો તરફથી પ્રમુખો, સચિવો તથા અન્ય મહિલાઓ હાજર રહેલ.

કાર્યક્રમની શરૂઆત સામુહિક ગીત તથા સ્વાગતથી થયેલ. ત્યારબાદ "આજની નારી અસુરક્ષિત, જવાબદાર કોણ?" નાટક રજુ થયેલ. કાર્યક્રમના અંતમાં ક.દ.ઓ. જન મહિલા મંચ તરફથી ચેવડાના પેકેટ વહેંચવામાં આવેલ. જેના દાતા સૌ. કુસુમ રતિલાલ પનપારિયા (વડોદરા) હસ્તે ઋષભ પનપારિયા (નાગપુર) રૂા. ૧૫૦૦ની ભેટ આપી બન્યા હતા. સૌ. કાજલ પોલડિયાએ સ્વાદિષ્ટ ચેવડો બનાવેલ.

કમલાતાઈ મહિલા મંચ દ્વારા નાગપુરના બધા જ મહિલા મંચની એક ડીરેક્ટરી તૈયાર કરાશે જેમાં ક.દ.ઓ. જૈન મહિલા મંચનું પણ સમાવેશ કરવામાં આવશે.

દર આઠમના ભણાવવામાં આવતી મહાકાળી માની ભાવના સૌ. પ્રગતિ ખોનાના ઘરે ૨૦.૩.૧૩ના યોજાઈ.

### બીજી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



**લક્ષ્મીચંદ ખીમજી ખોના (પટેલ)**

સ્વર્ગવાસ તા. ૭.૪.૨૦૧૧

*તસ્વીરમાં બની ગયા છો, યાદો તમારી છે અકબંધ*
*પરમાત્મા અમારા વડિલની સંભાળ લેજો સ્નેહબંધ...*
*પાંપણ ઝુકેને તમને નમન થઈ જાય,*
*મસ્તક ઝુકેને આપને વંદન થઈ જાય,*
*એવી નજર ક્યાંથી લાવીએ કે,*
*યાદ કરીએને આપના દર્શન થઈ જાય!*

*આપની અમરસ્મૃતિમાં...*

ધર્મપત્ની : **સરલા લક્ષ્મીચંદ ખોના**
પુત્રીઓ : **ભાવના લક્ષ્મીચંદ ખોના**
-"- : **સૌ. મનીષા હરીશ મોમાયા** (સાંયરા-ડોંબીવલી)
પૌત્રી-પૌત્ર : **દિયા-મિત્તલ-રાહુલ**
વેવાઈ : **મા. રતનબાઈ ખીમજી મોમાયા** (સાંયરા)
સાસરા : **મા. કસ્તુરીબાઈ માડણ નરપાર મૈશેરી પરિવાર** (મોટી સિંધોડી)

## વતનના વહેણ

ફરી એકવાર માદરે વતન કચ્છ ધરતીકંપની ધ્રુજારીઓથી કંપ્યું હતું. વાગડ પંથકમાં તેની ફોલ્ટલાઈન જણાઈ હતી અને માર્ચમાં એકવાર ૪.૫ની તીવ્રતા અનુભવાઈ હતી. ઘણે ઠેકાણે ઘરના સરસામાન ધ્રુજ્યા હતા અને અમુક ઠેકાણે તીરાડો પણ જોવા મળી હતી.

જાન્યુઆરીમાં ગાંધીનગરમાં યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાતી ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં કચ્છ અને રાજકોટ વૈશ્વિક રોકાણ માટે વધુ માનીતા જીલ્લા ગણાયા છે. એ પરિષદમાં ૧૮૯૨ રોકાણ ઈરાદાપત્રો મંજુર થયા હતા.

૨૦૦૧ના વિનાશકારી ભુકંપ બાદ નવા ઉદ્યોગ-ધંધાના વિકાસની તકો સર્જાતી જાય છે અને માત્ર ભારત જ નહીં વિશ્વ ગુજરાત તરફ રોકાણ કરવા આકર્ષાયું છે.

કચ્છમાં ૬૩૨ ઈન્વેસ્ટમેંટ ઈન્ટેશન મંજુર થયા છે જેમાં ઈન્જીનીયરીંગ, ઓટો, સીરામિક, એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ, સીમેન્ટ વગેરે ઈરાદા રજીસ્ટર્ડ કરાયા છે.

### જન્મ-સગપણ-લગ્ન ઈત્યાદિ નોંધ

*મુંબઈ મહાજનશ્રીની હદમાં વસતા જ્ઞાતિજનોનું ધ્યાન દોરવાનું કે, છેલ્લા અનેક દાયકાઓથી મુંબઈ મહાજનશ્રી તરફથી, તેમના દફ્તરે નોંધાતા જન્મ, સગપણ, લગ્ન, મરણ ઈત્યાદિ યાદી 'પ્રકાશ-સમીક્ષા'ને મોકલવામાં આવતી હતી તે છેલ્લા દોઢેક મહિનાથી મુંબઈ મહાજન દ્વારા 'પ્રકાશ-સમીક્ષા' ને મોકલવામાં આવતી નથી, તેમજ અપાતી નથી.*

*તપાસ કરતાં જાણવામાં આવ્યું છે કે, મહાજનના દફ્તરે આવી નોંધણી કરાવતા જ્ઞાતિજનોને જણાવવામાં આવે છે કે એવી માહિતી 'પ્રકાશ-સમીક્ષા' ને પોતે જ મોકલવાની રહેશે.*

*આ અંગે 'પ્રકાશ-સમીક્ષા' એ મુંબઈ મહાજનશ્રીને જરૂરી વિનંતીપત્ર લખ્યો છે.*

*મુંબઈ મહાજનશ્રી આ અંગે ઘટતી કાર્યવાહી કરશે તેવી અપેક્ષા છે. દરમ્યાનમાં સંબંધિત જ્ઞાતિજનોએ આવી માહિતી, મહાજનશ્રીમાં નોંધણી કરાવતી વખતે ભરાયેલ સબંધિત લાગાની રસીદ સાથે મોકલવા વિનંતી છે.*


**ECE TEACHER TRAINING COURSE**
(4 MONTHS CERTIFICATE COURSE) AND
**PHONICS TEACHER TRAINING COURSE**
(1 week certificate course)
Regular Batch : Monday & Friday
Weekend Special Batch : Saturday & Sunday
New Batch Starts on 4th April 2013
**LN Mehta Ed Classes,**
Yogesh Sadan, Hingwala Lane,
Ghatkopar (E), Mumbai-400 077.
Phone : 25014824/25014870/9821285541

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**મીના શાંતિલાલ ધરમશી** H.No.૬-૧૨-૮૦/૧, મરાઠા સમાજ પાસે, નામદેવ વાડા, નિઝામાબાદ-૫૦૩૦૦૨

**શાંતિલાલ ઊમરશી ધરમશી** શ્રી હરિ એન્કલેવ, ૬૦૪-એ, નાહુર વિલેજ રોડ, હનુમાન મંદિરની પાસે, મુલુંડ(વે), મુંબઈ-૪૦૦૦૮૦

**નરેશ કલ્યાણજી લોડાયા** ૧૨, મનુબાઈ નિવાસ, ૧લે માળે, ગુપ્તે ક્રોસ રોડ, જયહિંદ કોલોની, ડોંબીવલી (વેસ્ટ)-૪૨૧૨૦૨

**ચંદ્રકાંત લક્ષ્મીચંદ લોડાયા** ૫૦૫, વસાવી પેરાડાઈઝ, ગૌરીનગર, NAD કોઠા રોડ, વિશાખાપટ્ટનમ-૫૩૦૦૦૯
ફોન : 08912704449/9397378003

**ચંદ્રેશ છગનલાલ શીયાલ** ફ્લેટ નં. એસ-૭, બીજે માળે, ૧લો મેઈન, પ્લોટ નં. ૨૬, શ્રીપુરમ, શેષાદ્રીપુરમ, બેંગલોર-૫૬૦૦૨૦
ફોન : (080) 65739478

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮.૦૨.૧૩ | ભાયંદર | VRDA011703 | વિહાન-પ્રાચીત કિરણ હીરાચંદ ડાઘા | વરાડીયા | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮.૦૩.૧૩ | અમદાવાદ | LAMT030303 | મનીષ નવીનચંદ્ર કેશવજી મોતા | લાખણીયા | ૨૫ |
| | ડોંબીવલી | VVLA010203 | વિરલ નીતિન ખેતશી લાલકા | વારાપધર | ૨૨ |
| .૦૩.૧૩ | દાવણગેરી | NLNG070203 | દીપક ભુપેન્દ્ર જેઠાલાલ નાગડા | નલીયા | ૨૪ |
| | હાલોલ | JKMU040103 | મેહા દિનેશ લાલજી મુનવર | જખૌ | ૨૨ |
| ૦૨.૦૪.૧૩ | કોપરખેરણે | TRL0100303 | દિવેશ યોગેશ માલશી લોડાયા | તેરા | ૨૪ |
| | ડોંબીવલી | SMMA010504 | કવિતા રમેશ માડણ મૈશેરી | મોટી સિંધોડી | ૨૩ |
| ૦૨.૦૪.૧૩ | ઘાટકોપર | SPSH040203 | અંકુર કમલેશ કાંતિલાલ સાંયા | સુજાપુર | ૨૭ |
| | રાયપુર | SNMA010904 | પ્રાચી પ્રવીણ માણેકજી મૈશેરી | નાની સિંધોડી | ૨૩ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯.૦૩.૧૩ | મુલુંડ | LLMA030905 | અમિત જીતેન્દ્ર જેઠાભાઈ રાજપાર મૈશેરી | લાલા | ૨૯ |
| | મુલુંડ | A | અરઘા પ્રબીર મનિલાલ દત્તા | કોલકત્તા | ૨૯ |
| ૦૧.૦૪.૧૩ | ઘાટકોપર | A | ભાવિક જયંતીલાલ ખીમજી સાલીયા | બીદડા | ૨૫ |
| | મુલુંડ | JKSL020903 | ભક્તિ હીરાચંદ ખેતશી શિયાડ | જખૌ | ૨૩ |
| ૦૪.૦૪.૧૩ | અમેરીકા | NLNG201003 | ગૌતમ જગદીશ હીરજી નાગડા | નલીયા | ૩૨ |
| | અમેરીકા | A | શીતલ મનસુખ શીવજી હરીયા | તલવાણા | ૩૨ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૫.૦૨.૧૩ | મુલુંડ | JKKN010803 | જય હેમેન્દ્ર દામજી ખોના | જખૌ | ૨૯ |
| | નાગપુર | TRMT011203 | કુંજલ જીતેંદ્ર પદમશી મોતા | તેરા | ૨૪ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯.૦૩.૧૩ | | A | શશાંક જગદીશ રાંભિયા | રામાણીયા | ૨૬ |
| | | MJLO030404 | આશા કિરણ કલ્યાણજી લોડાયા | મંજલ રેલડીયા | ૨૫ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯.૦૩.૧૩ | જલગામ | NLNG131601 | કિશોર જેઠાભાઈ ખીંયરાજ નાગડા | નલીયા | ૬૩ |
| ૦૩.૦૪.૧૩ | મુલુંડ | VVBD020601 | ધનબાઈ કલ્યાણજી કાનજી ભેદા | વારાપધર | ૯૦ |


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર
મુલુંડ
પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in


ખંડવા (મ.પ્ર) ના
શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ
જિનાલયની શતાબ્દિ
વર્ષગાંઠના હાર્દિક
વધામણાં....
-"તન-મન" પરિવાર


SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

# શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ

પ્રેરક-સંસ્થાપક : રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

૨૧, કેશવજી નાયક રોડ, દામજી મેઘજીનો માળો, ભાતબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન: ૨૩૭૭ ૮૭૩૯

દિવ્યકૃપા : રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્ ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા
શુભાશિષ : તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.,
શુભ નિશ્રા : સાહિત્યરત્ન, પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ વિશાળ શ્રમણ-શ્રમણીવૃંદ

નિમિત્ત : પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા જન્મ શતાબ્દિ વર્ષની ઉજવણી

## પંચપ્રતિક્રમણસૂત્ર કંઠસ્થ અભિયાન

## પ્રમાણપત્ર



રોલ નં. : ૨૩૬

નામ : વૈભવ મનોજ લોડાયા વય : ૧૨

ગામ : બાંઢિયા હાલ : ભાંડુપ (વે.)

આપ ઉપરોક્ત સંસ્થા તરફથી યોજેલ પંચ પ્રતિક્રમણસૂત્ર કંઠસ્થ અભિયાન ૧૩ માં જોડાઈ તમારી પ્રજ્ઞાનો સંઘ-શાસનને પરિચય કરાવેલ છે. આ પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ આપે ઉજ્જવળ કારકીર્દિનો પાયો નાખેલ છે.

શ્રુતજ્ઞાનમાં કંઠસ્થ જ્ઞાનનું ખૂબ મહત્વ છે. આશા રાખીએ છીએ કે આપ પંચપ્રતિક્રમણનું પુનરાવર્તન ચાલુ રાખી આગળ જીવવિચાર-નવતત્ત્વાદિનું અધ્યયન કરશો...

આપના સૂત્રજ્ઞાનથી સંસ્થા ગૌરવ અનુભવે છે અને અમે હાર્દિક અભિનંદન સાથે આપને આ પ્રમાણપત્ર સાદર અર્પણ કરીએ છીએ.

લિ. શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ
શ્રી રામજી શામજી ધરોડ - કન્વીનર,
શ્રી કિરણ વેરશી ગડા, જતીન મોરારજી છેડા-વાઈસ કન્વીનર

શુભ દિવસ
તા. ૩૧-૦૩-૨૦૧૩

શુભ સ્થળ
ચિચબંદર મહાજનવાડી

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# હાર્દિક અભિનંદન







## ડૉ. ભાવના રાજેન્દ્રકુમાર લાપસીયા (દેસાઈ) (સાંયરા-રાયચુર)

ચિ. ભાવનાએ M.B.B.S.માં ૬૩.૪% મેળવી અમારા પરિવારનું ગૌરવ વધારેલ છે. આ સિધ્ધિ બદલ ઉજ્જવલ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ સાથે અભિનંદન...

❋ શુભાશીષ ❋

**સ્વ. દેવકાંબાઈ મુલજી લખમશી લાપસીયા સમસ્ત પરિવાર** (રાયચુર-હુબલી-મૈસુર)

દાદાણાં : **સ્વ. લીલાવંતીબેન ઉમરશી લાપસીયા** (રાયચુર)
દાદાણાં : **સૌ. દમયંતીબેન જીવરાજ લાપસીયા** (રાયચુર)
નાનાણાં : **સૌ. ઉર્મીલાબેન પદમશી ધરમશી** (બાગલકોટ)
માતા-પિતા : **સૌ. અંજનાબેન રાજેન્દ્રકુમાર લાપસીયા** (રાયચુર)
કાકા-કાકી : **સૌ. કોકીલાબેન ગીરીશ લાપસીયા** (રાયચુર)
કાકા-કાકી : **સૌ. તીરીનાબેન ગીરીશ લાપસીયા** (રાયચુર)
બહેન-ભાઈ : **ચિ. દર્શના, ધારા, કેવલી, નીલ અને ભુવન** (રાયચુર)



**Jai Vimalnath Dada**

## Shantilal Padamshi Lodaya & Jayaben Shantilal Lodaya

*Dear Mummy-Papa,*

*Thank you for the love you have given us.*
*You are the best parents in the world*
*We are nothing without you*
*We are lucky to have you.*
*With lots of love ...*

*Falguni Dhiren Alpa Krishaa*

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**